Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir




For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## વિષય–પરિચય.


| | | |
|---|---|---|
| ૧. | શ્રી મહાવીરસ્તુતિ (કાવ્ય) ( છોટમ અ. ત્રિવેદી ) ... ... | ૧૭૧ |
| ૨. | સાચી હોલીકા (કાવ્ય) ... ( ચંદ્ર ) ... .. | ૧૭૨ |
| ૩. | શ્રી રૂષભ પંચાશિકા સભાવાર્થ (ડો ભગવાનદાસ) ... ... | ૧૭૩ |
| ૪ | સમ્યગ્ જ્ઞાનની કુંચી. (પરમાત્માનું સ્વરૂપ) (અનુવાદ) ... | ૧૭૮ |
| ૫ | અનેકાંતવાદનું સ્વરૂપ ... (સ મુ. કર્પૂરવિજયજી મ.) ... ... | ૧૮૦ |
| ૬. | શરણ પ્રતિપત્તિરૂપ પ્રકાશ ,, ... ... | ૧૮૨ |
| ૭. | રાણકપુર તીર્થનો ટુંક ઇતિહાસ (મુ. શ્રી ન્યાયવિજયજી)... ... | ૧૮૩ |
| ૮. | આત્માની શોધ ... ( શ્રી મોહનલાલ ડી ચોકસી ) ... ... | ૧૯૦ |
| ૯. | સ્વીકાર સમાલોચના ... ... ... ... ... | ૧૯૪ |
| ૧૦. | વર્તમાન સમાચાર... ... ... ... ... ... | ૧૯૫ |



## ભેટના ગ્રંથો.

ગયા માસમાં જણાવ્યા પ્રમાણેના આ સભા તરફથી પ્રકટ થયેલા અમારા માનવંતા લાઈફ મેમ્બરોને પોસ્ટ પુરતા રૂા. ૦-૧૨-૦ નું વી૦ પી૦ કરી ભેટ મોકલવાનું કાર્ય પુરૂ થઇ ગયેલ છે, જે મેમ્બર સાહેબોને ભેટનાં ગ્રંથો ન મળ્યા હોય તેઓએ અમોને લખી જણાવવા સુચના છે.

સ્થાનિક લાઈફ મેમ્બર સાહેબોને સભાની આફીસમાંથી લઈ જવા સુચના છે.

શ્રી અમરચંદ્રસૂરિકૃત—

### શ્રી તીર્થંકર ચરિત્ર ( ભાષાંતર )

આ ગ્રંથ જેમાં ચોવીશ તીર્થંકર ભગવાનના ઘણા સંક્ષિપ્તમાં ચરિત્રો આપવામાં આવેલ છે. આટલા ટુંકા, અતિ મનોહર અને બાળજીવો સરલતાથી જલદીથી કંઠાગ્ર પણ કરી શકે તેવા સાદા, અને સુંદર ચરિત્રો આ ગ્રંથમાં છે જૈન પાઠશાળા, કન્યાશાળા, જૈન વિદ્યાલયમાં ઐતિહાસિક શિક્ષણ તરીકે ચલાવી શકાય તેવું છે. કિંમત દશ આના.

### શ્રી જૈન આત્માનંદ શતાબ્દિ સિરિઝના છપાતાં ગ્રંથો.

૧ શ્રી ત્રિષષ્ઠિશ્લાકા પુરૂષ ચરિત્ર ( મૂળ દશે પર્વો ) પ્રત તથા બુકાકારે.
૨ ધાતુપારાયણ. ૩ શ્રી વૈરાગ્ય કલ્પલતા ( શ્રી યશોવિજયજીકૃત )
૪ પ્રાકૃત વ્યાકરણ ઢુણ્ઢિકાવૃત્તિ.

જલદી મંગાવો તૈયાર છે. જલદી મંગાવો

### શ્રી ત્રિષષ્ઠિશ્લાકા પુરૂષચરિત્ર પ્રથમ પર્વ.

પ્રતાકારે તથા બુકાકારે સુંદર ટાઇપ, ઉંચા કાગળ, શુશોભિત બાઇન્ડીંગથી તૈયાર છે, થોડી નકલો બાકી છે. કિંમત રૂા. ૧–૮–૦ પો. જુદું.


For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ॐ

# શ્રી આત્માનન્દ પ્રકાશ.

सम्यग्दर्शनशुद्धं यो ज्ञानं विरतिमेव चाप्नोति ।
दुःखनिमित्तमपीदं येन सुलब्धं भवति जन्म ॥ १ ॥

" સમ્યગ્દર્શનથી વિશુદ્ધ થયેલા જ્ઞાન અને ચારિત્રને જે પ્રાપ્ત કરે છે તે મનુષ્યનો જન્મ દુઃખનિમિત્ત હોવા છતાં સાર્થક-મુક્તિ-ગમન યોગ્ય-થાય છે. "

તત્ત્વાર્થભાષ્ય-શ્રીમદ્ ઉમાસ્વાતિ-વાચક.

पुस्तक ३४ } वीर सं. २४६३. फाल्गुन, आत्म सं. ४१. { अंक ८ मो.

## " મહાવીર-સ્તુતિ. "

નમું મહાવીર ! કરુણાળુ ! સુબુદ્ધિ આપજો વ્હાલા;
અમારો ધર્મ સાચવવા ! કુબુદ્ધિ કાપજો વ્હાલા. નમું૦

હળાહળ ઝેરના જેવા, જૂઠાથી દૂર તું રાખી;
હૃદયમાં સત્યતાની છાપ, સત્વર છાપજો વ્હાલા. નમું૦

ભૂખ્યાને અન્ન દેવાને, પ્રીતે પરમાર્થ કરવાને;
દયાળુ દેવ અમ દિલમાં, દયાને સ્થાપજો વ્હાલા. નમું૦

તમારા ગુણુ ગાવાને, ભજનમાં લીન થાવાને;
અમારા દેહમાં ભક્તિ, રગેરગ વ્યાપજો વ્હાલા. નમું૦

: અસ્તુ :

છોટમ અ. ત્રિવેદી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# સાચી હોળી.

સાચી હોળી ખેલો....સજ્જન સાચી હોળી ખેલો;
મત માયાની મેલો....સજ્જન સાચી હોળી ખેલો.

ભવરણમાં તેં રોળ્યા ઘણાંને, નિજને હવે તો રોળો;
પર રોળે આનંદ ક્ષણિકો, સ્વરોળે બહુ ઓળો....સજ્જન.

કાષ્ઠ હોળીઓ ઘણી કરી તેં, પાપ હોળી હવે પ્રગટો;
પાપ હોળી પ્રગટાવી ચેતન !, લોકાગ્રે જઈ અટકો....સજ્જન.

દેહ હોળીઓ દહી ઘણી તેં, તદપિ ન તુજ જયવારો;
પાપ પૂણ્ય પ્રજાળી ચેતન, થા નિર્મમ નિરાળો....સજ્જન.

રંગ કેશુડો ઘોળ્યો ઘણો તેં, આત્મ એ રંગે રંગો;
માયા મમતા દૂર કરીને, કુમતિ કુતર્કને છંડો....સજ્જન.

બાહ્ય હોળીઓ ખેલી ઘણી તેં, આત્મ હોળી હવે ખેલો;
આત્મ હોળીઓ ખેલી આતમ, ભવફેરાને ઠેલો...સજ્જન.

જ્ઞાન ગુલાલ ઊડાડો ગુણીજન, પ્રેમ કરો પીચકારી;
સમતા રસમાં રસબસ થઈને, લહો સદા શિવનારી....સજ્જન.

"ચંદ્ર"

[ જેચંદ કાળીદાસ મ્હેતા ]

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

મહાકવિશ્રી ધનપાલ પ્રણિત—

# ૠષભ પંચાશિકા.

## સમશ્લોકી ભાષાંતર ( સભાવાર્થ )

( ગતાંક પૃષ્ઠ ૧૨૬ થી શરૂ )

### સમવસરણસ્થિત પ્રભુ : ગાથા ૧૮–૨૦.

**પ્રથમ સમોસરણ સમે, સુરસ્ત્રાથી ઉદ્યોતિત અગ્નિ દિશા;**
**અગ્નિ સ્વયં સેવાર્થે, આવ્યો હોય !–થઈ એવી ઈશા ! ૧૮.**

**ભાવાર્થ**:—

ત્હારા પ્રથમ સમવસરણુ સમયે, કેવલ સુરવધૂઓથી પ્રકાશિત થઇ રહેલી આગ્નેયી દિશા–અગ્નિ પોતે જાણે સેવા અર્થે આવ્યો હોયની–એવી થઇ ગઇ.

પ્રભુ કેવળજ્ઞાન પામ્યા પછી દેવતાઓએ સમવસરણની પરમ સુંદર રચના કરી; ત્યાં દેવ–મનુષ્ય–તિર્યંચ આદિ પોતપોતાના નિયુક્ત સ્થાને બેઠા; તેમાં અગ્નિ ખૂણામાં વિદ્યુલ્લતા જેમ ચમકતી દેવાંગનાઓ બિરાજતી હતી; તેઓની સુવર્ણ વર્ણ અગ્નિજ્વાલા જેવી જાજ્વલ્યમાન દેહપ્રભાથી એમ જણાતું હતું કે અગ્નિ પોતે જાણે પ્રભુની સેવા અર્થે આવ્યો હોયની ! **ઉત્પ્રેક્ષા અલંકાર.**

કહેવાય છે કે પ્રભુના સમવસરણમાં આજન્મ વૈરીઓ પણ પોતપોતાનું વૈર ભૂલી જતા, શત્રુ મટી જઇ મિત્ર બનતા, અને પ્રશમરસમાં નિમગ્ન થઈ જતાં. કહ્યું છે કેઃ—

**" सारङ्गी सिंहशावं स्पृशति सुतधिया नन्दिनी व्याघ्रपोतम्,**
**मार्जारी हंसबालं प्रणयपरवशा केकिकान्ता भुजङ्गम् ।**
**वैराण्याजन्मजातान्यपि गलितमदा जन्तवोऽन्ये त्यजन्ति,**
**श्रित्वा साम्यैकरूढं प्रशमितकलुषं योगिनं क्षीणमोहम् ॥ "**

અર્થાત્–સમભાવમાં આરૂઢ થયેલા, કર્મ કલંકને શમાવનારા એવા ક્ષીણમોહ યોગીના આશ્રયે, તેના સન્નિધાનમાં, હરિણી સિંહબાલને પુત્રબુદ્ધિથી સ્પર્શે છે, ગાય વાઘના બચ્ચાને પંપાળે છે, બિલાડી હંસબાળ પ્રત્યે પ્રેમથી પંજો ફેરવે છે, મયૂરી પ્રેમપરવશ બની ફણિધરને સ્પર્શે છે; તેમજ મદ રહિત થઈ બીજા પ્રાણીઓ પણ આજન્મ વૈર છોડી દે છે,–**શ્રી જ્ઞાનાર્ણવ પ્ર૦ ૨૪, શ્લોક. ૨૬.**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**પ્રથમ તાપસે ત્હારું, પ્રથમ દર્શન થતાં નમી નીચે;**
**વ્રતભંગથકી મલિન, મુખરાગ છુપાવ્યો નિશ્ચે ! ૧૯.**

**ભાવાર્થ**–પ્રથમ ઉત્પન્ન થયેલા તાપસોએ ત્હારું પ્રથમ દર્શન થતાં, અત્યંત નીચા નમીને, પોતાનો વ્રતભંગથી મલિન થયેલો મુખ પરનો ભાવ ખરે ! છુપાવી દીધો.

ભગવાન્ ઋષભદેવજીએ જ્યારે મુનિપણું અંગીકાર કર્યું ત્યારે અનેક રાજપુરુષો તેમની સાથે દીક્ષા લઈ ચાલી નીકળ્યા હતા; પણ સાધુ જીવનની કઠોર આચરણા પાળવાના અસમર્થપણાને લઇ તેઓ તાપસવેષ ધારણ કરી પ્રથમ તાપસ બન્યા, અને પ્રભુથી અલગ વિચરવા લાગ્યા. પછી જ્યારે પ્રભુને કેવળજ્ઞાન ઉપજ્યું ત્યારે તેઓ સમવસરણમાં આવી મળ્યાં, પરંતુ પોતે વ્રતભંગ કર્યો હોઇ મુખ શું બતાવવું ? એમ શરમના માર્યા નીચું જોઇ રહ્યા, અને એમ કરતાં પોતાના મુખ પરનો ભાવ છુપાવ્યો. આ પ્રસંગનો અત્ર નિર્દેશ છે–**સ્વભાવોક્તિ.**

**તેઓથી વિંટાયલા તેં, શોભા કુલપતિતણી ધરી ક્ષણ રે ?**
**વિશાલ સ્કંધપ્રદેશે, ઝુલતા જટાકલાપવડે. ૨૦.**

તે તાપસોથી વિંટાયલા એવા તેં, વિશાલ સ્કંધપ્રદેશ પર ઝુલી રહેલા કેશકલાપવડે કરીને, ક્ષણભર કુલપતિની શોભા ધારણ કરી ! તું કુલપતિ જેમ શોભી રહ્યો !

પૂર્વોક્ત તાપસો જ્યારે પ્રભુને વિંટળાઇ વળ્યા ત્યારે વિશાળ સ્કંધ પર ઝુલતી જટાવડે પ્રભુ જાણે કુલપતિ હોય એમ ક્ષણભર શોભી રહ્યા. દશ હજાર શિષ્યનો અધિનાયક ગુરુ કુલપતિ કહેવાય છે. **નિદર્શના અલંકાર.**

**પ્રભુના અદ્ભુત રૂપ, ગુણ : ગાથા ૨૧–૨૨.**

**ત્હારું રૂપ પેખંતાં, હર્ષથી જે પરિપૂર્ણ હોય નહિં;**
**સમન છતાં ગતમન તે, જાણે–કેવળી શું હોય નહિં ! ૨૧.**

ત્હારું રૂપ દેખીને જે હર્ષથી ભરપૂર થાય નહિ તે મન સહિત છતાં જાણે મન રહિત છે. તે શું કેવલી હોય નહિં !

ભગવાનનું અદ્ભુત રૂપ દેખીને જેનું હૃદય હર્ષથી ભરાઇ જાય નહિ, તે મનવાળા છતાં જાણે મનવિનાના છે. તે જાણે કેવલી હોય નહિ, એ ઉપહાસમાં કહ્યું છે. કેવલી ભગવાનને આત્મપ્રત્યક્ષ જ્ઞાન ઉપજ્યું હોઇ તેમને મનનો પ્રયોગ કરવો પડતો નથી એટલે તેઓ સમન છતાં મનરહિત

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



છે; પરંતુ જેઓને પ્રભુદર્શનથી હર્ષ ઉપજતો નથી તેઓ સમન છતાં મન રહિત છે. એટલે કે તેઓ પામર અસંજ્ઞી જીવડા જેવા છે, નહિં તો એમ થાય નહિં. એવાને તો હૃદય જ નથી ( Heartless & without conscience )—ઉત્પ્રેક્ષા અને સસંદેહ અલંકાર.

**સમુન્નતિ અસામાન્ય, જે વડે અપર દેવો પ્રાપ્ત થતાં;**
**તે ગુણ હાસ્ય મને દે, તુજ ગુણની સંકથા કરતાં. ૨૨.**

જે ગુણવડે કરી બીજા દેવો અસામાન્ય ઉન્નતિને–મોટાઇને પામ્યા છે તે ગુણો–ત્હારા ગુણની કથા કરતાં–મને હાસ્ય ઉપજાવે છે !.! !

કોપ–પ્રસાદ આદિ, અથવા તમોગુણ, રજોગુણ આદિ જે ગુણવડે કરી બીજા દેવતાઓ મોટા ગણાય છે તે ગુણ, જ્યારે હું ભગવાનના ગુણનું કીર્તન કરું છું ત્યારે મને હાસ્યનું કારણ થઇ પડે છે કે જુઓ ! આ કહેવાતા મહાદેવો !–જે ક્રોધ–મોહ આદિ ગુણ (!) વડે લોકમાં મોટા તરિકે ઓળખાય છે ! જે તમોગુણ રજોગુણ આદિ ગુણવડે સૃષ્ટિના સંહાર–ઉત્પત્તિ કરી રહ્યા છે ! કયાં ભગવાનના જ્ઞાન–દર્શન–પ્રશમ આદિ પરમોત્તમ ગુણ ? અને કયાં આ કહેવાતા મહાદેવોના દૂષણ છતાં ગુણરૂપે ગણાતા ગુણ ? કયાં મેરુ ? કયાં સર્ષવ ? કયાં સૂર્ય ? કયાં આગીઓ ? કયાં રાજા ભોજ ? કયાં ગાંગો તેલી ? વ્યાજસ્તુતિ અલંકાર.

## અષ્ટાદશ દૂષણરહિતપણું: ગાથા ૨૩–૨૪.

**થોથવાતી વાણીવડે, જિન ! તું દોષહીનની નિંદા કરતાં;**
**મત્સરવંતો વચને, કુશલ છતાં બાલીશ થતાં ! ૨૩.**

હે જિન ! તું દોષરહિતની પણ, ભાંગીતૂટી–થોથવાતી વાણીવડે નિન્દા કરતાં મત્સરવંત જનો વચનપટુ છતાં બાલીશ જેવું આચરણ કરી રહ્યા છે !

હે જિન ! તું દૂષણરહિતની નિન્દા કરતાં મત્સરવંત લોકોની વાણીનો પ્રસર ભાંગી જાય છે, તેમની વાણી થોથવાય છે–અચકાય છે; અને આમ તેઓ વાચાળ છતાં બાલીશ આચરણ કરે છે ! બાલકની જેમ અર્થવિહીન તોતડું–બોબડું બોલે છે ! મિથ્યા પ્રલાપ કરે છે ! કારણ કે તું નિર્દોષ મૂર્તિમાં કોઇ પણ દોષનો અંશ મળી શકે એમ નથી એટલે એ ગુણદ્વષી મત્સરવંતોને લોચા વાળવા પડે છે.—ઉપમા અલંકાર. સરખાવો:—

" यस्य पुरस्ताद्विगलितमानाः न प्रतितीर्थ्या भुवि विवदन्ते । "

**શ્રી સમંતભદ્રસ્વામીકૃત બૃહત્ સ્વયંભુ સ્તોત્ર**
**શ્રી મલ્લિજિન સ્તુતિ.**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**અનુરાગ-પલ્લવધરા, રતિ-વલ્લીમાં હાસ-કુસુમ ધરતા;**
**શૃંગાર-વને ત્હારું, મન ન લીન તપ તપ્ત છતાં ! ૨૪.**

જ્યાં અનુરાગ-સ્નેહરૂપ પલ્લવો છે, અને જ્યાં રતિરૂપ વેલડીમાં હાસ્યરૂપ પુષ્પો ખીલી રહ્યા છે એવા શૃંગારરૂપ ઉદ્યાનમાં, ત્હારું મન તપથી તાપ પામેલું છતાં, લીન ન થયું !-આસક્ત ન થયું !

તાપથી તપેલો મનુષ્ય ઉદ્યાનમાં બેસવાની ઇચ્છા કરે એ સ્વાભાવિક છે, પણ તું તો એવો વિલક્ષણ છે કે ત્હારું મન તપથી તાપ પામ્યા છતાં શૃંગારવનમાં-કામરૂપ ઉદ્યાનમાં લીન ન થયું ! આસક્ત ન થયું ! તે શૃંગારવનમાં સ્નેહરૂપ પલ્લવો છે, રતિરૂપ વેલડીઓ છે અને તેમાં હાસ્યરૂપી ફૂલ ખીલી રહ્યા છે. આવા સુંદર વનમાં પણ તું લોભાયો નહિં એ આશ્ચર્યની વાત છે ! અહીં ભગવાન્ હાસ્ય-રતિ આદિ દૂષણથી રહિત છે એમ સૂચવ્યું; ઉપલક્ષણથી અરતિ-શોક-ભય-જુગુપ્સા આદિ દોષથી પણ ભગવાન્ રહિત છે એમ જાણવું.

અત્રે **રૂપક અને વિશેષોક્તિથી** મિશ્ર એવો **સંકર** અલંકાર છે. કારણ છતાં કાર્યનો અભાવ તે વિશેષોક્તિ.

**' विशेषोक्तिरखण्डेषु कारणेषु फलावचः । '**

## દુર્જય કામનો જયઃ ગાથા ૨૫-૨૬.

**હરિ-હરે પણ જેની, આજ્ઞા શેષ જયમ ધારી શીર્ષ પરે;**
**તુજ ધ્યાનાનલ તે પણ, મદન મદન (મીણ) જયમ વિલીન ખરે ! ૨૫**

વિષ્ણુ અને શંકરે પણ જેની આજ્ઞા શેષાની જેમ માથે ચઢાવી છે, એવો મદન (કામ) પણ ત્હારા ધ્યાન-અગ્નિમાં મદનની (મીણની) જેમ વિલીન થયો ( નષ્ટ થયો, ઓગળી ગયો )!

આ જગતમાં કામદેવ મહાસુભટની આજ્ઞા લોપવી દુષ્કર છે; કામ મહા-દુર્જય છે. વિષ્ણુ અને મહાદેવ જેવા લોકમાં ઇશ્વર તરિકે ખપતા મોટા દેવોએ પણ તેની આજ્ઞા શેષાની જેમ બહુમાનપૂર્વક માથે ચઢાવી છે ! એવો મદન-કામ પણ ત્હારા ધ્યાન-અગ્નિમાં મદનની ( મીણની ) જેમ વિલીન થયો. ઓગળી ગયો ! શંકરે મદનને ભસ્માવશેષ કર્યો **भस्मावशेषं मदनं चकार** ( કુમારસંભવ ) એમ ભલે લોકમાં કહેવાતું હોય; પણ વાસ્તવિક રીતે કામ અનંગ થઇને પણ તેના અંગોઅંગમાં વ્યાપી ગયો ! દેવની પ્રસાદીરૂપ શેષાની જેમ તેણે પણ કામની આજ્ઞા માથે ચઢાવી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**ઉદાત્ત અલંકાર;** ઉત્તરાર્ધમાં **શ્લેષ અને ઉપમા.** સરખાવો—

" यस्मिन्हरप्रभृतयोऽपि हतप्रभावाः सोऽपि त्वया रतिपतिः क्षपितः क्षणेन । "

ઇત્યાદિ–શ્રી કલ્યાણમંદિર શ્લોક. ૧૧

" જેની પાસે શિવપ્રમુખ સૌ છે પ્રભાવે વિહીન,
એવો યે તેં રતિપતિ ક્ષણે સર્વથા કીધ ક્ષીણ;
અગ્નિઓ જે જળથકી અહો ! નિશ્ચયે બૂઝવાય,
રે ! શું તેહી દુઃસહ વડવાહ્નિથી ના પીવાય ? "

**મનોનંદનકૃત અનુવાદ.**

**કેવળ તુજ પ્રતિ થયા, મૃગાક્ષીઓના કટાક્ષ નિર્માની;**
**મન્મથ નૃપયોધા જે, જગ ગર્વભંજનથી ગુમાની. ૨૬.**

જગતનો ગર્વ ભાંખી નાંખી જે ગર્વિષ્ઠ–ઘમંડી થયા છે, અને જે કામ–રાજાનાં યોદ્ધા છે, એવા મૃગનયનાઓના કટાક્ષો કેવળ ત્હારા પ્રત્યે જ નિરભિમાની થયા ! ત્હારી આગળ જ તેનો ગર્વ ગળી ગયો !

કામ રાજાનું એકછત્ર સામ્રાજ્ય અખિલ જગતમાં વ્યાપી રહ્યું છે, સર્વત્ર તેની આણ પ્રવર્તી રહી છે; કામિનીઓનાં કટાક્ષરૂપ યોદ્ધાઓએ કામ–સમ્રાટની અખંડ આજ્ઞા પ્રવર્તાવી રહ્યા છે; એ યોદ્ધાઓ જગતનો ગર્વ ભાંગી નાખ્યો હોઈ મદોન્મત્ત બની ગયા છેઃ પરંતુ એક ત્હારા પર જ તેઓનો કાંઇ પ્રભાવ નહિં ચાલવાથી તેનો ગર્વ ગળી ગયો, તેનું માન ઉતરી ગયું; તું જ એક એના માથાનો મહાપ્રતિમલ્લ–મહાવીર મળ્યો. **પરિસંખ્યા અલંકાર;** કારણ કામિનીઓના કટાક્ષથી મ્હાત નહિં થનાર અપવાદરૂપ (Exception) એક પ્રભુ જ છે. દ્વિતીયાર્ધમાં **રૂપક અલંકાર.**

**જિન પ્રવચનથી રાગ–દ્વેષની મંદતા. ગાથા ૨૭.**

**રાગદ્વેષ વિષમ અશ્વ, મનને દોરી જતા ઉન્માર્ગ પ્રતિ;**
**ધર્મસારથિ સ્થિતિ કરે, તુજ પ્રવચન દીઠે જ નકી. ૨૭.**

મનને ઉન્માર્ગ ભણી દોરી જતા એવા રાગદ્વેષરૂપ બે વિષમ અશ્વો, હે ધર્મ સારથિ ! ત્હારું પ્રવચન દીઠે, નિશ્ચે જ સ્થિતિ કરે છે; ઊભા રહે છે, થંભી જાય છે.

મનરૂપ રથને રાગદ્વેષરૂપ બે વિષમ–તોફાની અશ્વો ઉન્માર્ગે–આડે માર્ગે લઈ જાય છે. તે અશ્વો ભગવાનના પ્રવચનરૂપ લગામનું દર્શન થતાં જ થંભી જાય છે, અટકી જાય છે, કારણ કે તે પ્રવચનરૂપ લગામ પ્રભુરૂપ સમર્થ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# સમ્યગ્ જ્ઞાનની કુંચી.

## પરમાત્માનું ( જૈન દૃષ્ટિએ ) શુદ્ધ સ્વરૂપ.

( જુદા જુદા દર્શનો તે માટે શું કહે છે ? )

( ગતાંક પૃષ્ઠ ૧૫૦ થી શરૂ )

દ્રવ્યના ચેતન દ્રવ્ય અને અચેતન દ્રવ્ય એમ બે પ્રકાર છે. ચેતન દ્રવ્ય એટલે આત્મા. અચેતન દ્રવ્ય એટલે ભૌતિક પદાર્થ. ચેતન દ્રવ્ય એ દ્રવ્યના એક પ્રકાર–ભાગરૂપ છે. આથી તેની દ્રવ્ય સાથે એકરૂપતા માની શકાય નહિ. ચેતન દ્રવ્ય અને દ્રવ્ય વચ્ચેનો ભેદ એવો છે કે કોઇ પણ બુદ્ધિયુક્ત વિચારસરણીથી એ ભેદનું સંપૂર્ણ ઉન્મૂલન ન જ થઈ શકે. આથી પરમાત્મા સર્વવ્યાપી છે એમ સ્થળ દ્રષ્ટિએ વિચાર કરતાં સાવ અયુક્તિક જણાય છે. પરમાત્માનું સર્વવ્યાપીત્વ સ્થૂળ અર્થમાં કોઇ રીતે સિદ્ધ નથી થઇ શકતું.

ચેતનાનું સ્વરૂપ વસ્તુઃ એક જ રીતે અનંત થઇ શકે છે. 'અનંત' શબ્દ ત્રણ ભિન્ન ભિન્ન અર્થમાં વપરાય છે. અનંત એટલે સ્થાવગાહનની દ્રષ્ટિએ નિઃસીમ સ્થિતિ. અનંત એટલે સંખ્યા કે વિચારની દ્રષ્ટિએ અનંત એવા બીજા બે અર્થ પણ ઘટાવી શકાય છે. ભૌતિક દ્રવ્યના પરમાણુઓ કે સમયની ક્ષણો સંખ્યાની દ્રષ્ટિએ અનંત છે. આ જ પ્રમાણે વિચારની દ્રષ્ટિએ અનંતતા હોય ત્યાં કોઇ પણ પ્રકારની મર્યાદા સંભવતી નથી. વિચારનું આ અનંત સ્વરૂપ છે.

પરમાત્મા સ્થાનાવગાહન કે સંખ્યાની દ્રિષ્ટએ અનંત ન હોય એ તો પ્રત્યક્ષ છે. આથી વિચારની દ્રષ્ટિએ તે અનંત છે–હોઇ શકે કે નહિ એ જ વિચારવાનું રહે છે.

---

ધર્મસારથીના હાથમાં છે. ' ધર્મસારથિ ' વિશેષણ સાર્થક છે, કારણ કે ધર્મરથના ચલાવનાર–પ્રવર્ત્તાવનાર પ્રભુ છે. અહીં **રૂપક અલંકારપૂર્વક** એમ દર્શાવ્યું કે વીતરાગદેવની વાણીનો પરિચય થતાં રાગદ્વેષ મોળા પડી જવા જોઇએ જ.

" વચનામૃત વીતરાગના, પરમ શાંતરસ મૂળ;
ઔષધ જે ભવરોગના, કાયરને પ્રતિકૂળ. "

—**શ્રીમદ્ રાજચંદ્ર.**

( અપૂર્ણ )

ગામદેવી મુંબઇ } ડૉ. ભગવાનદાસ મનઃસુખલાલ મહેતા.
એમ.બી.બી.એસ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પરમાત્મા વિશુદ્ધ આત્મા છે. પરમાત્માની ચેતના સંપૂર્ણ વિશુદ્ધ છે. સર્વજ્ઞતારૂપ શક્તિ એ પરમાત્માની અનંત ચેતનાની સાક્ષીરૂપ છે. પરમાત્મા સર્વ પ્રકારની અશુદ્ધિથી સાવ મુક્ત છે. પરમાત્માનું જ્ઞાન અનંત છે. પરમાત્માનાં જ્ઞાનમાં અનંતતાએ જ વાસો કરેલો છે. પરમાત્માનું સંપૂર્ણ સર્વજ્ઞત્વ સમય અને સ્થાનથી કોઇ રીતે મર્યાદિત નથી. પરમાત્માની સર્વજ્ઞતા—પરમાત્માનો વિચારપ્રદેશ સર્વથા અનંત છે

પરમાત્મા સ્થાનાવગાહનની દ્રષ્ટિએ અનંત નથી એવાં મંતવ્યથી, પરમાત્માની પવિત્રતા કે પરિપૂર્ણતામાં જરાએ ઉણપ નથી આવતી. પરિપૂર્ણતા અને પવિત્રતાને સ્થાનાવગાહન સાથે કશોયે સંબંધ ન હોય. પવિત્રતા અને પરિપૂર્ણતાને સ્થાનાવગાહન સાથે કંઇ પણ સંબંધ છે એમ માની લઈએ તો ભીમકાય મનુષ્યોમાં વિશેષ પવિત્રતા અને વિશેષ પરિપૂર્ણતા છે ( કે હોય ) એમ સ્વીકારવું પડે. ભીમકાય મનુષ્યોમાં ભીમકાયત્વને કારણે જ પવિત્રતા સંભવી શકતી નથી. પવિત્રતા કર્મોની મુક્તિ ઉપર જ નિર્ભર રહે છે. પાપોરૂપ અશુદ્ધ દશામાંથી મુક્ત થતાં જ પરિપૂર્ણતા પ્રાપ્ત થાય છે. પાપ રૂપી અશુદ્ધિને ખંખેરી નાખ્યા વિના પરિપૂર્ણતા પ્રાપ્ત ન થઇ શકે, વિશ્વના કર્ત્તારૂપ મનાતા ઇશ્વરમાં પરિપૂર્ણતા ન હોઇ શકે. તેનામાં સર્વજ્ઞત્વ પણ ન હોઈ શકે. વિશ્વના કર્તા ગણાતા પરમાત્માને સર્વજ્ઞ મનાય છે એ એક પ્રકારની અતિશયોક્તિ રૂપ છે. વિશ્વના કર્ત્તારૂપ મનાતા ઈશ્વરમાં સર્વજ્ઞતાનું અસ્તિત્વ સંભવાતીત છે. આથી એ ઇશ્વરમાં સર્વજ્ઞતાનાં અસ્તિત્વની માન્યતાને વિચારશીલ મનુષ્યોએ સત્વર તિલાંજલિ આપવી ઘટે છે.

સર્વજ્ઞતા અને પરમ સુખ એ પરમાત્મા ( કર્મથી સર્વથા મુક્ત થયેલ આત્મા ) ના બે વિશિષ્ટ ગુણો છે. સવજ્ઞત્વ અને પરમ સુખ એ વસ્તુતઃ આત્માના નૈસર્ગિક ગુણો છે. આથી એ ગુણો પરમાત્મામાં સાહજિક રીતે વિદ્યમાન જ હોય એ નિઃશંક છે.

આત્મામાં વિશુદ્ધ ચેતના છે. જ્ઞાન પ્રાપ્તિ એ વિશુદ્ધ ચેતનાનું મુખ્ય કાર્ય છે. કુદરતની સર્વ વસ્તુઓ જ્ઞેય હોવાથી સર્વ જ્ઞાન પ્રાપ્ત કરવું એ આત્માથી શકયજ છે એમાં કશોયે શક નથી. ચેતના એ આત્માનું સ્વરૂપ હોવાથી અને સર્વ વસ્તુઓની જ્ઞેયતાને કારણે, સંપૂર્ણ સર્વજ્ઞત્વ એ પ્રત્યેક આત્માનું તાત્ત્વિક સ્વરૂપ છે એમ સંદેહરહિતપણે કહી શકાય.

દ્રવ્યના સાહજીક ગુણોનો આવિર્ભાવ પ્રત્યેક દ્રવ્યમાં થાય છે. આથી જે વસ્તુ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# એકાન્ત પક્ષ નિરાસ પ્રકાશ

હે વીતરાગ ! આપે કેવળજ્ઞાનવડે વસ્તુતત્ત્વ નિત્યાનિત્યરૂપ સ્યાદ્વાદમય દેખ્યું તેવું જ નિરૂપણ કર્યું, પણ **સાંખ્ય મતવાળા એકાન્ત નિત્યપણું** અને **બૌદ્ધ મતવાળા એકાન્ત અનિત્યપણું** માને છે તેમાં વિરોધ આવે છે. વસ્તુને એકાન્ત નિત્ય તેમજ એકાન્ત અનિત્ય માનતા **કૃતનાશ** અને **અકૃત–આગમ** નામના બે દોષ આવે છે. ૧.

**વિવેચન**–ઘડાને જો સર્વદા સિદ્ધ–નિષ્પન્ન જ માનીએ તો કુંભકાર કુંભ બનાવવા જે જે પરિશ્રમ ઉઠાવે છે તે નિરર્થક થવાથી **કૃતનાશ દોષ** આવે છે અને ઘટાકાર નિત્ય છે એમ માનવાથી માટીના પિંડમાં પૂર્વે નહીં દેખેલો ઘટાકાર વગર કરેલો જ આવ્યો તેથી **અકૃતાગમ** નામનો દોષ આવે છે. તેવી જ રીતે અનિત્ય પક્ષમાં વર્તમાન જે જીવકરણી કરે છે તે બીજી ક્ષણમાં નષ્ટ થઇ જવાથી **કૃતનાશ દોષ** અને તેમ છતાં સુખ–દુઃખાદિક સાક્ષાત્ ભોગવતા જણાય છે તે **અકૃતાગમ દોષ** આવે છે. ૧.

---

એક મનુષ્યોને માટે જ્ઞેય બને છે (અને તેનું જ્ઞાન તે મનુષ્યને પણ થાય છે). તે વસ્તુ બીજા મનુષ્યને જ્ઞેય બને અને તેનું જ્ઞાન પણ તે મનુષ્યને થાય એમાં કંઇ શંકા નથી. જો વિચારો અનંત હોય અને તે સર્વનું જ્ઞાન કોઇ મનુષ્યને અમુક એક જ કાળે પ્રાપ્ય હોય તો એ સર્વ વિચારો બીજા સર્વ મનુષ્યોને પણ જ્ઞાનગમ્ય છે એ નિર્વિવાદ છે. શક્તિની દ્રષ્ટિએ વિચારતાં દરેક આત્મા સર્વજ્ઞ છે. દરેક આત્માની ચેતનામાં સર્વ વસ્તુઓનું જ્ઞાન પ્રાપ્ત કરવાની શક્તિ છે એ નિઃશંક છે. સર્વજ્ઞતા સમય અને સ્થાનથી પરાયત્ત નથી. સર્વજ્ઞતા સંપૂર્ણ સ્વાધીન છે. સર્વજ્ઞતાને સમય અને સ્થાનની મર્યાદા સંભવાતીત છે. જ્ઞાન એ ચેતનાની એક સ્થિતિરૂપ હોવાથી સર્વજ્ઞતાનું આ સ્વરૂપ –નિદર્શન કોઇ રીતે આશંકાયુક્ત સમજવાનું નથી. સર્વજ્ઞતાનું મંતવ્ય એ યથાર્થ સત્ય મંતવ્ય છે. તેમાં શંકા, આશ્ચર્ય આદિને લેશ પણ સ્થાન નથી. આત્મા એ વિશુદ્ધ જ્ઞાનરૂપ છે. આત્માને વિશુદ્ધ દશામાં સર્વજ્ઞત્વની પ્રાપ્તિ થાય એમાં કશુંએ આશ્ચર્ય નથી.*

ખરૂં સુખ કયું છે તે હવે પછી— (ચાલુ)

---

* The science of Thought.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



હે પ્રભુ ! આત્માને એકાન્ત નિત્ય તેમજ એકાન્ત અનિત્ય માનતા સુખ-દુઃખનો ભોગ આત્મામાં ઘટી શકતો નથી. ૨.

**વિવેચન**—નિત્ય આત્માનો સ્વભાવ એકસરખો હોવાથી જો તે સુખનો ભોગ કરવા ઇચ્છે તો તે સદા સુખ જ ભોગવે, દુઃખ નજ ભોગવે; તેમજ દુઃખ આશ્રયી પણ સમજવું. જો સ્વભાવભેદ થાય તો નિત્યતા જળવાય નહીં. એકાન્ત અનિત્ય પક્ષમાં પણ ઉત્પત્તિ અનંતર ક્ષણમાત્રમાં વિનષ્ટ થઇ જવાથી સુખ-દુઃખનો ભોગ સંભવતો નથી; કેમકે તે પ્રત્યેક સુખ-દુઃખનો અનુભવ તો બહુ ક્ષણોએ થવા યોગ્ય છે. ૨.

નિત્ય એકાન્ત મતમાં તેમજ અનિત્ય એકાન્ત મત( દર્શન )માં પુન્ય-પાપ તથા બંધ-મોક્ષ પણ ઘટી શકતા નથી. ૩.

**વિવેચન**—નિત્ય પક્ષમાં ઉપર જણાવ્યા મુજબ આત્મા જો પુણ્યમાં પ્રવૃત્ત થાય તો પુણ્ય જ અને પાપમાં પ્રવૃત્ત થાય તો પાપ જ કર્યા કરે. તેમજ બંધ અને મોક્ષ આશ્રયી પણ સમજી લેવું. અનિત્ય પક્ષમાં પણ તે ઘટે નહીં કેમકે ક્રમે કરી તેનો સ્વીકાર કરતાં ચાર ક્ષણ સ્થાયીપણું થાય અને એક સાથે જ સ્વીકાર કરતાં છાયા-આતપ અને જળ-અગ્નિની પેઠે પરસ્પર વિરૂદ્ધ તેમનું એકત્ર આત્મામાં અવસ્થાન શી રીતે સંભવે ? ૩.

વળી જીવાજીવાદિક પદાર્થોની નિત્યાનિત્યતા સ્વીકાર્યા વગર અર્થ-ક્રિયા જ ન થાય તે વાત કહે છેઃ-

હે પ્રભુ ! એકાન્ત નિત્ય વસ્તુને તેમજ એકાન્ત અનિત્ય વસ્તુને ક્રમાક્રમવડે અર્થક્રિયા ઘટતી જ નથી. ૪.

**વિવેચન**—જો ઘડાને નિત્ય જ માને તો તે ખાલી થવારૂપ અને જળ ભરાવારૂપ વિચિત્ર અવસ્થા ધારશે નહીં, તેમજ જો તેને અનિત્ય જ માનો તો બહુ ક્ષણોવડે બની શકે એવી જળવહનાદિક ક્રિયા તેનામાં ઘટી શકશે નહીં; અને અર્થ-ક્રિયાના અભાવે વસ્તુનું વસ્તુપણું જ નષ્ટ થઇ જશે. ૪.

પરંતુ હે પ્રભુ ! જેમ આપે કહેલ છે તેમ વસ્તુને કથંચિત્ નિત્ય-અનિત્ય માનવામાં આવે તો પછી પૂર્વોક્ત કોઇ પણ વિરોધાદિક દોષ આવશે નહીં. એ જ વાત દૃષ્ટાંત આપી શાસ્ત્રકાર સિદ્ધ કરી બતાવે છે. ૫.

એકલો ગોળ કફકારી છે અને એકલી સુંઠ પિત્તકારી છે; પરંતુ તે બંને ગોળનું અને સુંઠનું સાથે મિશ્રણ કરેલા ભેષજમાં પિત્તાદિ દોષ થતો નથી, પણ ઊલટો તેથી પુષ્ટિ પ્રમુખ ગુણ થવા પામે છે. ૬.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



એક જ વસ્તુમાં નિત્યાનિત્ય લક્ષણ અયુક્ત નથી, કેમકે કોઇ પણ સત્-પ્રમાણથી તેમાં વિરોધ સિદ્ધ થતો નથી. વળી પ્રત્યક્ષ પ્રમાણથી મેચક–મિશ્ર વર્ણવાળી વસ્તુઓમાં વિરૂદ્ધ વર્ણનો યોગ પ્રગટ જોઇ શકાય છે. મોરના પિંછા પ્રમુખમાં તે પ્રગટ દેખાય છે.

ઘટપટાદિક જુદા જુદા આકારથી મિશ્ર એવા વિજ્ઞાનનું એક જ સ્વરૂપ ઇચ્છતો પ્રાજ્ઞ **બૌદ્ધ** સ્યાવાદને ઉત્થાપી શકે નહીં. સ્યાદ્વાદને માનતા છતાં આપને નહીં સેવવાથી તેને પ્રાજ્ઞ( પ્ર+અજ્ઞ ) બહુ મૂર્ખ પણ કહ્યો. ૮.

અનેક આકારમય એક ચિત્રરૂપને પ્રમાણ સિદ્ધ પ્રરૂપતો **નૈયાયિક વૈશેષિક** પણ અનેકાન્તને ઉત્થાપી શકે નહિ. ૯.

સત્ત્વ, રજો અને તમો પ્રમુખ વિરૂદ્ધ ગુણોવડે મિશ્ર એવી પ્રકૃતિ ઇચ્છતો વિદ્વદ્વર્ય **સાંખ્ય** પણ સ્યાદ્વાદને ઉત્થાપી શકે નહીં. ૧૦.

હે વીતરાગ ! પરલોક, જીવ અને મોક્ષના સંબંધમાં જેની મતિ મુંઝાયેલી છે તે નાસ્તિક ચાર્વાકની સંમતિ કે અસંમતિની અમે જરૂર જ જોતા નથી; કેમકે આબાળગોપાળ પ્રસિદ્ધ એવા જીવાદિક પદાર્થને પણ તે જાણતા–માનતા નથી, તેથી તે વિચારબાહ્ય છે. એવી રીતે પ્રતિપક્ષનો નિરાસ ( પરિહાર કરી ) છેવટ શાસ્ત્રકાર કહે છે. ૧૧.

હે પ્રભુ ! તે કારણથી તત્ત્વજ્ઞાની પુરૂષોએ ઉત્પાદ, વ્યય અને ધ્રૌવ્ય યુક્ત વસ્તુતત્ત્વ જે આપે પ્રથમથી જ ઉપદેશ્યું છે તેને જ ગોરસાદિકની પેઠે સ્વીકાર્યું છે. જેમ ગોરસ દૂધપણે વિનાશ પામી દહીંપણે ઉત્પન્ન થઇ ગોરસપણે કાયમ રહે છે તેમ દરેક વસ્તુ ઉત્પાદ, વ્યય અને ધ્રૌવ્ય યુક્ત જ હોઇ શકે છે. ૧૨.

**હિત સૂચના**–આ ઉપરોક્ત પ્રકાશને વિવેચનયુક્ત ધીરજથી મધ્યસ્થ-પણે વાંચવા–વિચારવાથી વસ્તુતત્ત્વ સ્યાદ્વાદ યુક્ત જ હોઇ શકે છે એ અંતરમાં ખાત્રી થવાથીઆપણી શ્રદ્ધા સુધરી, શુદ્ધ નિર્મલ થવા પામશે, જેથી સ્યાદ્વાદ–અનેકાન્તને સહેજે અપનાવી શકાશે. **ઇતિશમ.**

---

## “ શરણ પ્રતિપત્તિરૂપ સત્તરમો પ્રકાશ ”

હે પ્રભુ ! પોતાનાં કરેલાં પાપની નિંદા–ગર્હા અને સુકૃતની અનુમોદના કરતો હું અન્ય શરણ રહિત છતો આપના ચરણનું શરણ ગ્રહું છું. ૧.

કૃત, કારિત અને અનુમોદિત એવું મન, વચન અને કાયાથી થયેલું

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# રાણકપુર તીર્થનો સંક્ષિપ્ત ઈતિહાસ.

(મારવાડ તીર્થની યાત્રા)

મુનિ ન્યાયવિજયજી

રાણકપુર*— ગતાંક પૃષ્ઠ ૧૬૭ થી શરૂ.

મારવાડની યાત્રામાં નાની પંચતીર્થી અને મોટી પંચતીર્થી એમ બે પંચતીર્થીઓની યાત્રા મુખ્ય છે. તેમાંની નાની પંચતીર્થીનું વર્ણન હું આપી ગયો. હવે મોટી પંચતીર્થીનું વર્ણન આપું છું. મોટી પંચતીર્થીમાં સૌથી મહત્ત્વનું સ્થાન છે રાણકપુરજીનું, એ વિશાલ ગગનચુંબી ભવ્ય મંદિર અનુપમ અને અદ્દભુત છે, એની અનુપમ બાંધણી, રચનાકૌશલ્ય અને ઊંચાઇ સૌકોઇને મુગ્ધ કરી દે છે. હું ન ભૂલતો હોઉં તો રાણકપુરજીની બાંધણીનો બીજો નમૂનો સારા હિંદુસ્તાનમાં મળવો મુશ્કેલ છે.

---

મારૂં પાપ ફરી તેવી પાપ-પ્રવૃત્તિ ન થાય તેવા લક્ષ સહિત મિથ્યા થાઓ. હું અંતઃકરણથી કરેલાં પાપની માફી માગું છું. ૨.

હે પ્રભુ! આપના પવિત્ર માર્ગને અનુસારે રત્નત્રયીના આરાધન સંબંધી મેં જે કંઇ સુકૃત કીધું તે બધુ અનુમોદું છું. ૩.

સર્વે અરિહંતાદિકના જે જે અર્હત્વાદિક ગુણ છે તે તે સર્વ ગુણ તે મહાનુભાવ સંબંધી હું અનુમોદું છું. ૪.

હે વીતરાગ ! મેં આપનું, આપના ઉપદિષ્ટ અનુષ્ઠાનનાં ફળરૂપ સિદ્ધોનું, આપના શાસન-રસિક મુનિજનોનું અને આપના પ્રવચનનું હૃદયશુદ્ધિથી શરણ આદર્યું છે. ૫.

સર્વ જીવોને હું ખમાવું છું અને તે સર્વે જીવો મારી ઉપર ક્ષમા કરો. આપનું અનન્ય શરણ ગ્રહણ કરેલા મુજને તે સર્વે જીવો ઉપર સદાય હિતબુદ્ધિ રહો. ૬.

હું એકલો છું, મારૂં કોઈ નથી અને હું કોઇનો નથી. હે પ્રભુ ! આપના ચરણ-શરણમાં રહેલા મુજને લગારે દીનતા રહેતી નથી. ૭.

હે પ્રભુ ! આપના પસાયથી મુક્તિરૂપી પરમ પદવી જ્યાં સુધી હું ન પામું ત્યાંસુધી શરણાગત એવા મુજ પ્રત્યે આપ શરણાગતવત્સલતા તજશો નહીં-મારી ઉપેક્ષા કરશો નહીં. ઇતિશમ્ ૮.

---

* આ પ્રાચીન અલૌકિક તીર્થનો આ સંક્ષિપ્ત ઈતિહાસ સંગ્રહવા અને વાંચવા લાયક છે. આવા ઐતિહાસિક લેખો પણ ભાવીકાળમાં ઉપયોગી થઇ પડે છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



રાણકપુરનો પૂર્વ ઇતિહાસ અને વર્તમાન પરિસ્થિતિ જોતાં આપણી આંખોમાં આંસુ આવે તેમ છે. કયાં એ ધનધાન્યથી ભરેલું રાણકપુર અને કયાં આજનું વેરાન બિહામણા જંગલરૂપ દેખાતું રાણકપુર ? જે નગરમાં હજારો લાખો આદમીઓ વસતાં ત્યાં આજે શૂન્ય જંગલ પડયું છે. કાળચક્રના પરિવર્તનો જોવા છતાં યે માનવીને શાન નથી આવતી એથી બીજી કઇ તાજુબી હોઇ શકે ?

રાણકપુરજીનું વર્ણન એક પ્રાચીન ગુજરાતી કવિ આ પ્રમાણે આપે છેઃ—

" હીયડઉ હરષ ઇમઝ ઉલ્લસીઉં, રાણિગપુર દીઠં મન વસીઉં
અણહલપુર અહિનાણી, મઢ ગઢ મંદિર પોળ સુચંગે
નિરમલ નીર વહઇ વચિગંગે, પાપ પખાલસુ અંગે
કુઆ વાવિ વાડિ હટ્ટસાલા, જીણહભવણ દીસઈ દેવાલા
પૂજ રચઇ તિહાં બાલા, વરણ અઢાર ઇલોક સવિચારી
કોટીધજ વસઇ વિવહારી પુન્યવંત સુવિચારી
તિહાં મુખિ સંઘવી ધરણઉ, દાનિ પુણ્યજ ગિજસવસીરણું જીણહભવણિ ઉધરણઉં.

આજે આ સમૃદ્ધિવાન નગરમાં એક જ વસ્તુ અમર રહી છે, અને એ છે **ત્રૈલોકયદીપક મંદિર**. આ ગગનચુંબી વિશાલ ભવ્ય મંદિર માનવ જાતને ઉપદેશ આપતું ઊભું છે. એ કહે છે કે–સત્પાત્રમાં વાપરેલું ધન તમારૂં જ છે, ખાવા-પીવા એશઆરામ કરવા અને કીર્તિ કે યશ કમાવા વાપરેલું ધન તમારી સાથે નથી આવવાનું. સત્પાત્રમાં વાપરેલું ધન તમને ઇહલોક અને પરલોકમાં અનંતગણું ફળપ્રદ નીવડશે. આજે આ ત્રૈલોકયદીપક મંદિર બનાવનાર **દાનવીર ધરણાશાહ-ધન્નાશાહ મોજુદ** નથી પણ તેની ધવલયશોપતાકા ફરકાવતું આ ગગનચુંબી મંદિર આજે ય આકાશ સાથે વાતો કરતું ઊભું છે. ( મારવાડ તીર્થયાત્રાના વર્ણનની નોંધ ઉપરથી )

આ મંદિર બંધાવનાર દાનવીર **ધન્નાશાહ** જ્ઞાતે પોરવાડ હતા. તેમનું જન્મસ્થાન **સિરોહી સ્ટેટનું નાંદીયા** ગામ હતું. તેમના એક બીજા નાના બંધુ હતા જેમનું નામ **રત્નાશાહ** હતું. બંને ભાઇઓ ધીર, વીર અને ધર્મના પરમ ઉપાસક હતા. ન્યાય અને નીતિથી વ્યાપાર કરી ધન પ્રાપ્ત કરતા હતા. એવામાં એક વાર એક મુસલમાન બાદશાહનો પુત્ર પિતાથી લડી અન્ય સ્થાને જતો હતો. વચમાં નાંદિયામાં મુકામ કર્યું અને ત્યાં આ બન્ને ભાઈઓનો રાજકુમારને પરિચય થયો. બંને ભાઈઓએ રાજપુત્ર પાસેથી એકલા નીકળવાનું કારણ જાણી મીઠી વાણીથી રાજકુમારને સમજાવ્યો, તેનો ગુસ્સો અને રોષ શાંત પાડી પિતાની ભક્તિ, વિનય કરવાનું, તેમનો પ્રેમ અને આશીર્વાદ મેળવવાનું સમજાવી ત્યાંથી જ પાછો વાળી બાદશાહ પાસે મોકલી આપ્યો. બાદશાહને જ્યારે આ વાતની ખબર પડી ત્યારે તે ઘણો જ ખુશી થયો અને નાંદિયાના આ બન્ને ગૃહસ્થોને પોતાની પાસે બોલાવી, તેમનો આભાર માની પોતાની પાસે રાખ્યા; પરન્તુ રાજા સદાયે કાનના કાચા હોય છે. એક વાર કોઇ હિતશત્રુએ બાદશાહને ધન્નાશાહ અને રત્નાશાહની વિરૂદ્ધ ભંભેર્યા અને બાદશાહે આવેશમાં આવી જઈ બન્ને બંધુઓને ગીરફતાર કરી જેલમાં

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



બેસાડયા. અંતે મોટો દંડ કરી ઘર, માલ-મીલકત લુંટી લઈ કાઢી મુકયા. ત્યાંથી નીકળી બન્ને ભાઈઓ મેવાડમાં આવ્યા અને રાણકપુર નજીકના પાલડી ગામમાં વ્યાપાર-ધંધો શરૂ કર્યો. ન્યાય અને નીતિના પરમ પુજારી આ વીરપુત્રો ઉપર ટૂંક સમયમાં લક્ષ્મી દેવીએ કૃપા કરી **भाग्यं फलति सर्वत्र** । આ ન્યાયે બન્ને ભાઈઓએ લક્ષ્મી પ્રાપ્ત કરી પણ તેઓ લક્ષ્મી દેવીની ચપલતા. અસ્થિરતા પણ બરાબર સમજી ગયા હતા. ત્યાં એક વાર એક વિદ્વાન સાધુ મહાત્મા પાસે ધન્નાશાહે નલિનીગુલ્મ વિમાનનું સ્વરૂપ સાંભળ્યું. રાત્રે પણ નાલનીગુલ્મ વિમાનનું સ્વપ્ન આવ્યું. આ જોઈ ધન્નાશાહને થયું કે આવું સુંદર જિનાલય બનાવ્યું હોય તો કેવું સારૂં ? ધન એટલું ન હતું કે એવું ભવ્ય મંદિર બનાવી શકાય, પરંતુ ધર્મભાવના જબરી હતી. ધન્નાશાહે કુળદેવીની આરાધના કરી અને મંદિર બંધાવવામાં સહાયતા માગી. દેવીએ તેની મનોકામના પૂર્ણ કરવાનું વચન આપ્યું. ધન્નાશાહે મોટા મોટા કુશળ શિલ્પીઓને નિમંત્રણ કરી મંદિરનો નકશો બનાવવા કહ્યું. પણ કોઇ કુશળ શિલ્પી ધન્નાશાહના ભાવને ન આળેખી શકયો. ધન્નાશાહ મુક વાણીથી બધાને કહેતો કે મંદિર આવું બનાવવું છે. અન્તે બધા શિલ્પીઓ થાકયા. બધા સમજ્યા શેઠ પસે ધન તો છે નહિં અને મંદિર દેવલોક જેવું બનાવવું છે. અન્તે બધાએ શેઠની મશ્કરી કરતાં કહ્યું-આપની ભાવના મુજબ મુંડારાનો સોમપરા **દેપો** (દેપાક, દીપા) કરી આપશે. દેપો તદ્દન દરિદ્રનારાયણ અને અજ્ઞાન હતો. અવસ્થાએ પણ વૃદ્ધ હતો, છતાં યે શેઠજી ત્યાં ગયા. પોતાનો ભાવ કહી બતાવ્યો. દીપાએ એક કાગળ ઉપર જેમ મનમાં આવે તેમ લીટા માર્યા. કહે છે કે કુળદેવીની સહાયતાથી એ લીંટીઓ એક સુંદર જિનમંદિરના નકશારૂપ બની ગઇ. ધન્નાશાહ શેઠના જીવંત ભાવનાના પ્રતિબિંબ સમું એ મંદિર નકશામાં આવી ગયું. ત્યારપછી ધન્નાશાહ શેઠે મેવાડાધિપતિ મહારાણા કુંભાજી[1] પાસેથી મંદિરને યોગ્ય સુંદર જમીન લીધી અને ૧૪૩૪ માં મંદિરનું ખાતમુહૂર્ત થયું. મીસ્ત્રીએ શેઠની ઉદારતાની પરીક્ષા માટે પાયામાં જ અમુક મણ કસ્તૂરી, કેસર તથા ઉંચી અને બહુમૂલ્ય ધાતુઓથી ચણતર કરવા માટે શેઠ પાસે ઉપર્યુક્ત વસ્તુઓ માંગી. શેઠે વિનાસંકોચે તે બધી વસ્તુઓ પૂરી પાડી. મીસ્ત્રીઓએ ઉત્સાહમાં આવી ધમધોકાર કામ શરૂ કર્યું. શેઠની ઇચ્છા હતી કે સાત માળનું ગગનચુમ્બી મન્દિર બનાવવું. પણ સમય ઘણો થઇ ગયો. ચાર માળ બન્યા અને બાસઠ વર્ષના ગાળા પછી **૧૪૯૬** તપગચ્છાધિપતિ **સોમપ્રભસૂરિજી**ના શુભ હસ્તે ધામધૂમ, પરમ ઉત્સાહપૂર્વક પ્રતિષ્ઠા કરાવી, ચોમુખ ઋષભદેવજી પ્રભુ બિરાજમાન કર્યા તેનો શિલાલેખ મૂલ ગભારા પાસે જ છે, જેમાં ૪૬-૪૭ પંક્તિમાં આલેખાયો છે. શરૂઆતમાં

**श्रीचर्तुमुखजिनयुगादीश्वराय नमः ॥**

**२ विक्रमतः १४९६ संख्य वर्षे** પછી મેવાડના મહારાણાઓની વંશાવલી શરૂ થાય છે. પછી તેમાં ધન્નાશાહનો પરિચય આ પ્રમાણે છે.

૧ પ્રસિદ્ધ કુંભો રાણો-મીરાંબાઇનો પતિ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



" પ્રાગ્વટ જ્ઞાતિના મુકટમણી સંઘપતિ માડણની સ્ત્રી કમલાદેનો પુત્ર સંઘપતિ ધરણાક જેણે શત્રુંજયાદિ તીર્થોની યાત્રા કરી હતી, અજારી, પિંડવાડા, સાલેર (સારંગપુર) આદિ સ્થાનોએ જિનમંદિર બંધાવ્યાં, જીર્ણોદ્ધાર કરાવ્યા, તેમજ દુષ્કાળના સમયમાં અન્નક્ષેત્રો મંડાવી ઘણા પરોપકાર કર્યા, જૈન સંઘની ઘણી સેવાભકિત કરી, ધરણાકને બે પુત્રો, સં. જાજ્ઞા અને જાવડા; તેમજ પોતાના મોટાભાઇ રત્નાશાહના કુટુંબનું પણ વર્ણન છે. ત્યારપછી લખે છે.

" त्रैलोक्यदीपकाभिधान: श्रीचतुर्मुखयुगादीश्वरविहार: कारित: प्रतिष्ठित: श्रीबृहत्तपागच्छे श्रीजगच्चन्द्रसूरि श्रीदेवेंद्रसूरिसंताने श्रीमत् श्रीदेवसुंदरसूरिपट्टप्रभाकर परमगुरू सुविहित पुरंदर गच्छाधिराज श्रीसोमसुंदरसूरिभिः "

આ લેખ ઘણી જ મહેનતે ઉતારી લીધો હતો, છતાં યે અમુક પંક્તિઓ ન ઊકેલી શકાઇ. તે ત્યારપછી ઘણા સમયે શ્રીમાન્ જિનવિજયજીના લેખ સંગ્રહ ભાગ બીજાના આધારે સુધારી લીધી.

આ ભવ્ય વિશાલ મંદિર જોઇ સર જેમ્સ ફર્ગ્યુસનના મન ઉપર જે અસર થઇ તે આપણે તેના શબ્દોમાં જ જોઇએ.

" આ સ્તંભોનો વનનો અંદરનો ભાગ જોવાથી જે દેખાવ દૃષ્ટિગોચર થાય છે તે તેના એક મંડપના દૃશ્ય ઉપરથી જણાય છે, પરંતુ સ્તંભોની આવી ગોઠવણીથી અજવાળાના આડકતરા માર્ગને લીધે તથા અજવાળુ આવવાના દ્વારોની રચનાને લીધે ગમે તેવા દૃશ્યમાં પણ એ ચિતાર બરાબર ઉતારી શકાય તેમ નથી. વળી તીર્થંકરોની પ્રતિમાઓવાળી દેવકુલિકાઓની સંખ્યા ઉપરથી પણ આશ્ચર્ય લાગે છે. મધ્યમાં આવેલા બાર દેવગૃહો ઉપરાંત અંદરના ભાગની આજુબાજુએ આવેલી ૮૬ દેવકુલિકાઓ છે અને તેમનાં મુખભાગો ઉપર કોતરકામ કાઢેલાં છે." છેલ્લે આ વિદ્વાન લખે છેઃ–

" આ બધા ઉપરથી મન ઉપર ઘણી સારી અસર થાય તેમ છે. ખરેખર આવી સારી અસર કરે એવું તથા સ્તંભોના સુંદર ગોઠવણી વિશે સૂચના કરે એવું **હિંદુસ્તાનમાં બીજું એક પણ દેવાલય નથી.**"

" ગોઠવણીની ઉત્તમતા ઉપરાંત બીજી જાણવાલાયક બાબત એ છે કે તેણે રોકેલી ૪૮૦૦૦ ચો, ફુ, એટલે કે મધ્યકાલીન યુરોપીય દેવળોના જેટલી છે અને **કારીગરી તથા સુંદરતામાં તો તેમના કરતાં પણ ચઢે [૧]તેમ છે.**"

(શ્રીમાન જિનવિજયજીનો લેખસંગ્રહ ભા. ૨)

આજે પણ રાણકપુરજીના મદિરના દર્શન કરવાથી દર્શકોને અતીવ આહ્લાદ ઉત્પન્ન કરાવે છે.

મંદિરના બાંધકામમાં મજબૂત એવા પથ્થરનો ઉપયોગ થયો છે કે સેંકડો વર્ષ થવા છતાંયે તે પથ્થરો ઘસાયા નથી. પ્રાયઃ ત્રીસ બત્રીસ પગથિયા ચઢી આપણે મંદિરની

૧. History of India & Eastern Architecture P.P. 241-2

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પ્રથમ સપાટીએ જઇને ઊભા રહીએ છીએ કે યુગાદીશ્વર શ્રી આદિનાથ પ્રભુનાં દર્શન થાય છે. ત્યાંથી ચોતરફ દૃષ્ટિ નાંખતાં સુંદર દેરીઓ અને આરસના મજબૂત સ્થંભો દેખાય છે. મંદિરનો આખો દેખાવ ત્યાંથી એવો રમણીય લાગે છે કે ઘડીભર ત્યાં ઊભા રહી મંદિરની કલામય બાંધણીનાં દર્શન કરવાનું મન થાય. મંદિરજીમાં કુલ ૧૪૪૪ થાંભલા છે. થાંભલાની લાઇનની લાઇન લાગેલી છે, પણ ખૂબી એ છે કે એક પણ થાંભલો દેરીની આડે નથી. ત્રાંસમાંથી જુવો તો પણ દર્શન થાય. થાંભલાની સામે થાંભલો અને દેરીની સામે દેરી છે. કેટલાક થાંભલા તો બહુ જ કિંમતી કારીગરીવાળા છે, ચારે બાજુ ૭૨ દેરીઓ છે. ચારે ખૂણે બબે મંદિરજી—મોટી દેરીઓ છે. આ દરેકના સભામંડપ ને રંગમંડપ પણ અલગ અલગ છે. મુખ્ય મંડપ ઉપર માળ પણ છે. ચારે બાજુ એવા જ માળ છે. એકલો યાત્રી તો જરૂર ભૂલી જાય કે મેં અહીં દર્શન કર્યાં કે નહિ ? બસ કલાકારની ખરી ખૂબી, અદ્‌ભુત રચનાકૌશલ્ય અને નિર્માણચાતુર્ય અહીં ઉતર્યું છે. અહીંના થાંભલા ગણતાં માણસ ભૂલી જાય છે. અમને એવું અભિમાન હતું ૧૪૪૪ થાંભલા ગણવા એમાં તે કઇ મોટી વાત છે ? પણ એ અભિમાન અહીં ઉતરી ગયું. અમારી પહેલા ઘણાએ થાંભલા ગણવાના પ્રયત્નો કર્યાનાં નિશાનો ત્યાં હતાં એમાં અમારો વધારો થયો પણ થાંભલા ગણી શકાયા નહિં.

અહિં અમે કેટલાક શિલાલેખો લીધા તેમજ પૂ. પા. આચાર્યમહારાજશ્રી વિજયલબ્ધિસૂરિજી મહારાજના વિદ્વાન શિષ્યરત્ન પ્રવર્તકજી શ્રીમાન્ ભુવનવિજયજી મહારાજ તથા અન્ય બાલમુનિરત્નો ત્યાં હાજર હતા અને એ મહાત્માઓએ જ થાંભલા ગણવાનું શુભ કામ શરૂ કર્યું. બધાયે યથાશક્તિ પ્રયત્નો કર્યો પણ ૧૪૪૪ ની સંખ્યા પૂરી ન થઇ શકી. અમને લાગ્યું કે હવે પ્રયત્ન કરવામાં આપણે ફલિભૂત થઈ શકીએ તેમ નથી. આ મંદિરજીમાં ૮૪ વિશાલ ભોંયરાં હતાં. આજે મૂલમંદિરજીમાં પાંચ ભોંયરાં અને બીજા બે દહેરાસરોમાં બે ભોંયરા મળી કુલ સાત ભોંયરાં છે. અમે કુલ સાતે ભોંયરાં જોયાં. ભોંયરામાં ચૌદમી શતાબ્દિથી લઇને સત્તરમી શતાબ્દિ સુધીમાં બનેલી સુંદર જિનપ્રતિમાઓ છે. કેટલીક સુંદર ચોવીશીઓ છે. ધાતુની પ્રતિમાઓ પણ વિપુલ સંખ્યામાં છે. એક ભોંયરામાં ૧૫૧૧ ની સંવતનો સુંદર આયાગપટ છે. આવા આયાગપટો મથુરાના કંકાલીટીલામાંથી નીકળ્યા છે જે બેથી અઢી હજાર વર્ષ જેટલા પ્રાચીન છે. આ આયાગપટો જૈનો પોતાના ઘરમાં પૂજા માટે રાખતા. સોળમી શતાબ્દિ સુધી આયાગપટો બન્યા હતા તેમ આ રાણકપુરજીના આયાગપટોથી માલૂમ પડે છે. આ ભોંયરામાં બિરાજમાન જિનવરેન્દ્રની બધી પ્રતિમાઓ ધાતુની પ્રતિમાઓના પણ શિલાલેખ લેવામાં આવે તો જૈન ધર્મના ઇતિહાસમાં કેટલુંક નવું જાણવાનું મળે તેમ છે. કેટલાયે આચાર્યોનાં નામ, દાનવીર ગૃહસ્થોના કુટુમ્બોના નામ તથા કાર્ય જાણવા મળે છે. અમે કેટલીએક વિશિષ્ટ શિલાલેખોવાળી જિનપ્રતિમાના લેખો સંવત્વાર ઉતારી લીધાં છે તથા ભોંયરામાં કેટલી કેટલી પ્રતિમાઓ છે તે પણ નોંધી લાવ્યા છીયે; પણ લંબાણના ભયથી તે બધું નથી આપતો.

આ સિવાય બીજાં બે સુંદર પ્રાચીન જિનમંદિરો છે. એક યદુકુલતિલક બાલબ્રહ્મ-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ચારી શ્રીનેમનાથ પ્રભુજીનું અને બીજું શ્રી પાર્શ્વનાથ પ્રભુજીનું મંદિર છે. તેમાં શ્રી નેમનાથ પ્રભુજીના મંદિરમાં શિલ્પકામ સુંદર અને આકર્ષક છે. પાર્શ્વનાથ પ્રભુજીના મંદિરમાં એથી પણ વધુ સુક્ષ્મ કામ છે, તેમાંયે શિખરના બહારના ભાગમાં દેવાંગનાઓના નાચમાં આખું નાટ્યશાસ્ત્ર ઉતાર્યું હોય એમ લાગે છે. કેટલાંક પુતળાંમાં રૂચિભંગ અને અનૌચિત્ય જોવાયું પણ નાટ્યશાસ્ત્રની દૃષ્ટિએ અને બીજાં કારણોએ તેમ કરવામાં આવ્યું હશે એમ લાગે છે.

આ બન્ને મંદિરમાં પ્રતિમાઓ સુંદર છે. અહીંના ભોંયરાંમાં પણ સુંદર જિનપ્રતિમાઓ છે. આ સિવાય ત્રીજું એક મંદિર છે; પહેલાં તે જૈનમંદિર હશે.

**ત્રૈલોકયદીપક** મંદિર બંધાવનાર દાનવીર ધર્માત્મા **ધન્નાશાહ**ની બે મૂર્તિઓ પ્રભુનાં દર્શન–જાપ કરતી વિદ્યમાન છે. તેમજ આવું અદ્‌ભૂત અપૂર્વ મંદિર બાંધનાર કુશલ શિલ્પદેવોની મૂર્તિ છે અને ધન્નાશાહના વડીલ બન્ધુ રત્નાશાહની પણ મૂર્તિ છે. આજે દરવર્ષે ફાગણ વદિ ૧૦ મે મોટો મેળો ભરાય છે. રત્નાશાહના વંશજો ધ્વજા ચઢાવે છે. બહારગામથી જૈનો પણ સારી સંખ્યામાં આવે છે. અજૈનો પણ આવે છે. ચોકીનો પ્રબંધ પણ સારો રહે છે. આ સિવાય આસો શુદ ૧૩ નો પણ મેળો ભરાય છે, પણ તે સામાન્ય મેળો હોય છે.

અમને અહીં સ્થાવર તીર્થ સાથે જ જંગમ તીર્થનાં પણ દર્શન થયા. સુપ્રસિદ્ધ વક્તા અને લેખક મુનિમહારાજ શ્રી વિદ્યાવિજયજી મહારાજ તથા ન્યાયતીર્થ વિદ્વાન લેખક મુનિમહારાજ શ્રી હિમાંશુવિજયજી મહારાજ આદિ અમારી પહેલાં જ અહીં પધાર્યા હતા. બધા પ્રેમથી મળ્યા. બીજે દિવસે પૂ. પા. આચાર્ય મહારાજ શ્રી વિજયલબ્ધિસૂરિજી મહારાજ સાહેબ આદિ સાધુ મહાત્માઓના દર્શન થયા. બધા કોઇ પણ જાતના ભેદભાવ સિવાય પ્રેમથી મળ્યા. બધાની આંખોમાં અમી હતું, વિરોધનું નામનિશાન ન હતું. આ પ્રેમ અને આ હર્ષથી અમે બધા એકત્ર થઇ શાસનસેવા કરવા કટિબદ્ધ થઇએ તો જૈન શાસનનો ઉદ્ધાર અશકય નથી. બધાયે ભોંયરામાં સાથે જ હતા. શિલાલેખો વાંચવા, જિનપ્રતિમાજીની સંખ્યા ગણવી, કોઇ નવીન વસ્તુ સૂચવવી આ બધું અભિન્ન ભાવે બધાએ કર્યું. આ સ્થાવર તીર્થ સાથે જંગમ તીર્થનો સુંદર સંગમ જોઈ શ્રાવકો પણ પ્રમોદિત થયા.

આ રાણકપુરજીનું મંદિર બાંધવામાં ધન્નાશાહે લગભગ પંદર કરોડ રૂપિયા ખર્ચ્યા હશે એમ પાશ્ચાત્ય વિદ્વાન કહે છે. ૬૨ વર્ષ સુધી અવિરત પરિશ્રમ કરી એ ધર્માત્માએ આ મંદિર બંધાવ્યું. ત્યારપછી તેમના ભાઈ રત્નાશાહે પણ સાત આઠ વર્ષ કામ ચલાવ્યું. અંતે કામ અધૂરુંજ રહ્યું. અદ્‌ભૂત મંદિરની રચના વિષયમાં નીચેની પંકિતઓ આપી રાણકપુરની યાત્રા સમાપ્ત કરૂં છું.

" **સેત્રુંજાએ સિરિગિરનારો, રાણિગપુર શ્રીધરણવિહારો,**
**વંધ્યાચલ અધિકું ફલ લીજઇ, સફલ જન્મ શ્રી ચઉમુખ કીજઇ;**
**દેવછંદ તિહાં અવધારી શાસત જિણવર જાણે ચ્યારી,**
**વિહરમાણી બીઇ અવતારી, ચઉવીસ જિણવર મૂરતિ સારી.**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**તિહિ જિણબિંબ બાવનું નિહાલુ, સયલજિણ બહુત્તર જીણાલુ;**
**ફિરતી બિંબ નવિ જાણુ ઉંપાર, તીરથનંદિસર અવતાર.**
**વિવિધ રૂપ પુતલીય અપાર, કોરણીએ અરબુદ અવતાર;**
**તોરણથંભ પાર નવિ જાણું એક જીભ કિમ કહિયવખાણુંઉં."**

વિદ્વાન કવિ શ્રીમાન્ સમયસુંદરજી પણ રાણકપુરનું સુંદર વર્ણન આપે છે.

ચઉવીશ મંડપ ચિહું દિશે રે લાલ, ચઉમુખ પ્રતિમા ચાર મન મોહ્યું રે ॥ **ત્રિભુવન-દીપક દેહરૂં** રે લા૦ સમોવડ નહિ સંસાર મ૦ શ્રી ॥ ૨ ॥ દેહરી ચોરાશી દીપતી રે લા૦ માંડયો અષ્ટાપદમેર ॥ મ૦ ॥ ભલે જુહાર્યાં ભોંયરાં રે લા. સુતાં ઊઠી સવેર મ૦ શ્રી ॥ ૩ ॥ દેશ જાણીતું દેહરૂં રે લા૦ મોટો દેશ મેવાડ મ૦ ॥ લાખ નવાણું લગાવીયા રે લા૦ ધન ધન્નો પોરવાડ મ૦ શ્રી ॥ ૪ ॥

( સમયસુંદરજી ૮૧૬૭૬ )

સંવત બાર બહોતર વર્ષે સંઘવી ધન્નો જેહ,
રાણકપુરજીના દેહરા કરાવીયા ક્રોડ નવાણું ધન ખર્ચ્યા હો કુંથુજિન,

આમાં સંવતમાં ભૂલ થઇ લાગે છે. યા તો લહીયાનો દોષ હોય. રાણકપુરજીના મંદિર માટે નવાણું કરોડ ધન ખર્ચાયાનું આ સ્તવનમાં જણાવ્યું છે ધન ગમે તેટલું ખર્ચાયું હોય, એમાં ભલે મતભેદ હોય; પણ આ મંદિર અદ્ભુત અનુપમ અને હિંદનું સર્વશ્રેષ્ઠ મન્દિર છે એમાં બેમત નથી જ.

**" श्री व्रतीश्वरो राणपुरं बभाज. "**

**" विन्ध्याचलं तुंगतया वयस्य, भावं भजन्तं प्रविभाव्य विज्ञः**
**गिरीशशैलं मिलितुं समेतं, स प्रैक्षतास्मिन्धरणस्य चैत्यम् ॥ "**

**ભાવાર્થ**–કવિ એમ કહે છે કે આ મંદિર આટલું બધું ઊંચું છે તેનું કારણ હું એમ માનું છું કે ઊંચાઇવડે વિંધ્યાચલ સાથે મૈત્રીભાવને ધારણ કરનાર એવો કૈલાસ પર્વત જ જાણે અહીં તેને મળવા આવ્યો હોય તેમ લાગે છે. અર્થાત્ આ ભવ્ય મન્દિર કૈલાસ જેટલું ઊંચું છે. એવા ઊંચા ધરણવિહાર ચૈત્યને સૂરિજી (જગદ્ગુરૂ શ્રી હીરવિજયસૂરેન્દ્રજીએ ) જોયું.

આમાં કાવ્યકારે સુંદર કાવ્યચમત્કૃતિ દર્શાવવા સાથે ઉપમા અને અલંકારનો સુંદર સંયોગ કરી વસ્તુનું નિદર્શન કરાવ્યું છે.

આવું અદ્ભુત જિનમંદિર જોઇ કયો ભવ્યાત્મા પ્રમુદિત–આહ્લાદિત ન થાય ? અન્યાન્ય જૈનતીર્થોની યાત્રા કરનાર મહાનુભાવોએ અહીંની પણ યાત્રા અવશ્ય કરવા જેવી છે.

હમણાં આ ભવ્ય મંદિરના જીર્ણોધ્ધારનું કાર્ય આણંદજી કલ્યાણજીની પેઢીએ શરૂ કર્યું છે. મુમુક્ષુ ભવ્યજીવો આ તરફ લક્ષ્ય આપી છૂટે હાથે દાન આપવાનું ન ચૂકે. આ મહામન્દિરના જીર્ણોધ્ધાર પાછળ હજારો નહિં લાખોનો ખર્ચ થાય તેમ છે. એક સંસ્થા કરતાં સમસ્ત સંઘ લક્ષ્યપૂર્વક પોતાનો દાનપ્રવાહ આ તરફ વહાવે તો જીર્ણોધ્ધાર કાર્ય સુચારૂ રીતે થઈ શકે.

( ચાલુ )

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# આત્માની શોધમાં—

પરબવાળા ડોશીમા.

સમય થતાં જ સંત સહુની વિનયકાંતની સમાધિ શરૂ થઇ.

એક શ્રીમંત શેઠાણીને છાલાકુંડના ડોશીમા સાથે વાતો કરતાં જોયાં.

ડોશી ! પવાલામાં ઠંડુ પાણી આપો તો.

આવો બા, જરા બેસો, લ્યો આ પવાલું.

શેઠાણી–શું કપરો ચઢાવ ! હીંગળાજનો હડો તો ખરેખર હાડ ખોખરા કરે તેવો જ છે અને આ માનમોડીઆ તો હું હાંફતાં હાંફતાં ચઢી છું ! ડોળીવાળા પણ આવા સખત ચઢાવ આગળ જ ઉતારી મેલે છે ને ! જુઓને હજી પણ હાંફ સમાતી નથી. જાણે સાવ ગાત્ર ઢીલા બની ગયા ! આમ વાત કરતાં શેઠાણીએ કેડેથી સોનાનું કુંચીયાળું કહાડી બાજુ પર મેલ્યું, અને પોતાની વીતક કથા આગળ ચલાવી.

ડોશી, તમારા લોકોથી આ શે ચઢાય છે ! આવા કઠીણ ચઢાવને સ્હેલો બનાવવા કંઇ ઉપાય ન થાય ! તમો લોકો તો માથે ભાર લઈ ચઢો છો !

શેઠાણી બા, તમો આજે આટલા બધા કાં અકળાઇ ગયા ? હું તમોને બાળપણથી ઓળખું છું ! ઉજમ શેઠાણી દાદાને ભેટવા દરવર્ષે આવતાં. મને યાદ છે કે મરતાં પૂર્વે ચાર પાંચ વર્ષથી એ ડોલીમાં બેસવા લાગ્યા હતાં; બાકી આખી જિંદગી ચઢીને યાત્રા કરતાં. તમો એમના નાના દીકરાના વહુ ! સ્હેજે તમારા પ્રતિ એમનો ભાવ વધારે તેથી ઘણી વાર જાત્રામાં તમો જોડે હોય તે કાળે તમો પણ દબડ દબડ ચઢી જતાં. એક બે વાર તો અહીં બેસાડીને કહેલું કે જો ને જાસુસ, ડુંગર ચઢતાં આમ દોડવું નહીં, એથી શ્વાસ ચઢે. ધીમે ધીમે ડગ ભરવા. જે કંઇ કઠણાશ છે તે આ છાલાકુંડ સુધી જ પછી તો રમતા રમતા દાદાના દરબારમાં પહોંચી જવાય. ચઢીને જાત્રા કરવામાં ઘણું પુન્ય છે. જાસુસ બા, તે સમયને આજે કંઇ ઝાઝા વર્ષો નથી થયાં, છતાં તમો આજે આમ હતાશ કેમ થઇ ગયા ? એ તમારૂં બળ કાં વહી ગયું ! ઇ તો ડુંગરનો ચઢાવ, એમાં હીંગળાજ માની કપરાશ એટલે લાગે તો ખરી જ. પાણી પીશો ને થાક ઉતરી જશે. વળી તાજા થઈ જશો. આમ વાત ચાલતી હતી એવામાં ડોશી પાણી લાવોની બુમ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પડતાં ડોશી પાણી પાવા ગયા, અને ડોલીવાળાની હાકલ થતાં જાસુસ શેઠાણી પણ સફાળા ઉઠી, ડોલીમાં જઈ બેઠા. તરતજ ડોળી આગળ વધી.

સોનાનું કુંચીયાળું પડી રહ્યું ! ડોશી પાણી પાઈ પાછા આવ્યા. એમણે જોયું કે તરતજ લઈને ઠેકાણે મૂક્યું. નાની ગંગીને જાસુસ શેઠાણી પાછળ દોડાવી પણ ડોલીમાં બેઠેલા શેઠાણી તો કયાંયે પહોંચી ગયા હતાં ! એટલે ગંગી પાછી આવી.

રામપોળ વટાવતાં જ શેઠાણીને કુંચીયાળું સાંભર્યું, છતાં એ કયાં પડી ગયું એ યાદ ન જ આવ્યું. બસ ત્યારથી જ હૃદયમંથન આરંભાયું. બારેક તોલા સોનું એટલે સ્હેજે ત્રણસો રૂપીઆનો સવાલ ! પુંજાશાની મિલકત ને કમાણીના હિસાબમાં એટલી રકમ તો સાગરમાં બિન્દુ જેવી ગણાય. વીસમી સદીની શેઠાણીઓ ઠઠારા ને આડંબરમાં ઘણુંયે ખરચી નાંખે ! ફેશન ને શણગારના નામે છૂટા હાથ મૂકે ! સોના કરતાં ઘડામણ મોઘું એ ઉક્તિ અનુસાર કપડા કરતાં શિલાઇના વધુ દામ આપે ! પણ જ્યાં દાનનો પ્રસંગ કે ગરિબ–ગુરબાનો પ્રશ્ન ઉઠે ત્યાં માંડ પાઇને સ્થાને પૈસો નાંખે ! અને એમાં પણ જાણે મહાન્ ઉપકાર કરી નાંખ્યો ન હોય એવો દેખાવ કરે ! તેનાથી આમ કુંચીયાળું જતું કરાય ?

દર્શન કર્યાં, દેવ જુહાર્યાં, પૂજા ને ચૈત્યવંદન પણ કર્યાં; છતાં મન તો પેલા ઝુડામાં જ. એ વેળા એટલી પણ ધીરજ ન રહી કે નસીબમાંથી નહીં ઉતર્યો હોય તો એ કયાં જવાનો છે ? હેલાક શેઠની વાત પણ યાદ આવી કે કાં તો એ પર વિશ્વાસ ન બેઠો. સત્યની કમાઇની વસ્તુ ઘેર બેઠા પાછી આવે છે એ શ્રદ્ધા તો કયાંથી સંતાપે ? સોનાના ઝુડાએ આજની યાત્રાનો અમૂલ્ય પ્રસંગ ચુંથી નાંખ્યો. જાસુસ શેઠાણી તો દોડતા પાછા ફર્યાં. ડોલીવાળાને પાછળ આવવાની આજ્ઞા કરી. દરેક જગાએ જોતાં પગપાળા ઉતરવા લાગ્યા. ઉતરતાં ઉતરતાં છાલાકુંડ સુધી આવી પુગ્યાં, ત્યાં તો ગંગીએ વધામણી દીધી. શેઠાણી બા, તમારૂં કુંચીયાળું અહીં રહી ગયું છે. આ સાંભળતાં જ શેઠાણીના જીવમાં જીવ આવ્યો. હવેજ કંઇ ટાઢક વળી. જાણે બહુ પરિશ્રમ લાગ્યો હોય એમ ' હાશ ' કરતાં વિસામા પર બેસી પડ્યા.

ડોશી તો સૌ કોઇને પાણી પાતાં ને દાદાના નામે પાઇ–પૈસાની શીખ માંગતાં ! એ ધીરજ અને એ સલુકાઈથી દૈનિક ક્રિયા કર્યાં જતાં યાત્રાળુઓની ભીડ ઓછી થતાં જ ડોશી જાસુસ શેઠાણી પાસે આવ્યા અને પૂછવા લાગ્યા કે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



બા, આટલે થાક ઉતરતાં ન લાગવો જોઇએ, વળી તમો તો ડોળીમાં ચઢયા છો એટલે ઉતરતાં પણ ડોળી હશે જ ને!

ડોશી, એવું તો કંઇજ મહેનતનું કામ મેં કર્યું નથી. આ કુંચીયાળાએ મારો જીવ ઊંચો કરી નાખ્યો. એની ચિંતાએ પૂજામાં મન ન રહ્યું. આ દોડા-દોડ કરાવી. આ છોકરીએ કહ્યું કે કુંચીયાળું છે ત્યારે જ જીવ હેઠો બેઠો છે.

ઓય મા, જેને માથે આદીશ્વર દાદો બેઠો છે એને દુ:ખ કે ચિંતા શાની હોય ! વળી તમારા જેવા ધનિકને એની શી વિસાત ? બા, એટલું સમજી રાખો કે કોઇ વિસામા પર કંઈ પણ કિંમતી ચીજ રહી ગઇ હોય તો એ જવાની નહીં. કદાચ ધણી ન મળે તો સાંજે કારખાને જાય. ભલે અમો પાઇ પૈસો માંગીને લઇએ બાકી પરાઈ ચીજમાં જરા પણ હાથ ન નાંખીએ. અમારા હઈડામાં એ વાત કોતરાયેલી જ છે કે ડુંગર પર બેઠેલો આદીશ્વર દાદો સૌ કંઈ જોઇ રહ્યો છે. એની આંખમાં ધુળ નાખવા જનારનું કદીપણ ભલું ન થાય. આજે એંસી ને બે ઉપર થયા છતાં, અને ગમે તેવો કપરા વર્ષો આવ્યા છતાં, એના વિશ્વાસે બેઠેલા અમોને દાળ–રોટલો તો મળી જ રહ્યાં છે. વળી વહેવારના કામો એની કૃપાએ નીકળી ગયાં છે. મારા વસ્તારમાં બે છોકરાંને બે છોકરીઓં છે. એ બધાને પરણાવ્યા અને આજે લીલીવાડી છે. આ નાની ગંગી પણ કોઇની પડી વસ્તુ લેવાની લાલચ ન કરે. રોજ તો અમારા નસિબમાં દાદાના દરબારમાં જવાનું કયાંથી હોય ? પણ વરસમાં બે–ત્રણ વાર જઇએ અને એ દાદાના ચરણમાં લળી લળી નમીએ એના મીઠા આશીર્વાદ મેળવીએ. અમારા દોષો એના દર્શનથી દૂર થઇ જાય; અને કૃપાદ્રષ્ટિયે અમારૂં ગાડુ નભે. ભલેને એ પર્વતના માથે બેઠો પણ અમારા અંતરમાં એનું સ્થાન અનોખું છે.

બુઢ્ઢા મા, આ શું સાચું છે ! જાસુસ શેઠાણી આશ્ચર્ય પામીને બોલ્યા.

અરે ! શેઠાણી મા, કઇ જિંદગી માટે અમારે ખોટા વેણુ વદવા ? ગાદી પર જઇ પૂછે તો હજારોની ચીજ કોઇ વિસામા પરથી ગઈ છે ખરી ? તમો તો મારી નજરે ઉગતા કહેવાઓ. તમારી સાસુ સાથે મારે મીઠો સંબંધ. એક વાર ઝરીની ભરેલી કોથળી જેમાં ચાળીસ સોનામહોર હતી તે ભૂલી ગયેલા. એ તો પગે ચઢીને જાત્રા કરતાં. બહુ શાંતિથી દરેક ક્રિયા કરતાં. ઉપર તેમણે બે અઢી કલાક થતાં તે દિને પણ એટલો જ વખત વીત્યો ત્યારે તે પાછા ઉતરેલા ચહેરા પર જરા વિષાદ ન મળે. જ્યારે મેં કોથળી સોંપી ત્યારે તે વિસ્મય પામ્યા ! મેં પૂછયું:—"શેઠાણી બા, આ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તમારી કિંમતી ચીજ તમોને સાંભરતી પણ નથી ? એમાં સોનામહોરો છે. વળી ચોખા બદામ વિના કેમ ચાલ્યું? " "માત્ર ચૈત્યવંદન વેળા યાદ આવી. પછી મન મનાવી લીધું કે મારે એ ખરચવાની તો હતીજ. જરૂર કોઈ ઠેકાણે રહી હશે તો પાછી આવશે જ. નહિ તો કોઇ ગરજુનું કામ નીકળશે. એ માટે અફસોસ કેવો ? ત્રણ જગતના નાથની હાજરીમાં એ જડ પદાર્થનું દુઃખ કેવું એ તો તગદીરના તમાશા ! ધન આવે ને જાય, તેથી મારી ભક્તિમાં ખામી કેમ લાવું? " આટલા શબ્દો કહેતાં તરતજ એમાંથી બે મહોર કહાડી મને આપી. દરેક વિસામાવાળીને એકેક મહોર, ને બાકીની વટાવી ગરિબ-ગુરબામાં વહેંચી દીધી. ઉજમ શેઠાણીના એ દાનથી, અને ઉદાર સ્વભાવથી કોણ અજાણ્યું છે ? એમનું નામ લ્યો તો સૌ કોઇના માથા નમે. દાદા પરની એમની શ્રદ્ધા અડગ અને દ્રઢ. સાદાઇમાંથી ધનવાન બન્યા છતાં કોઈ દિ' ધનનો ગર્વ ન મળે. તેમ મોટાઈનું નામ નહીં. અમારા જેવાના તો એ બેલી. અમારી અંતરની કહાની સાંભળે અને જરૂરી મદદ કરે. એકજ સલાહ આપે કેઃ-

આદીશ્વર દાદાના વિશ્વાસે રહેશો તો સારૂં થશે. પ્રમાણિકતા કદી પણ વીસરશો નહીં. દાદાની નજરે ગરિબ ને ધનિક સૌ સરખા છે. શુદ્ધ દાનત વાળા સૌ પર એની મહેર વરસે છે.

સાસુજીનો આ પ્રતાપ સાંભળી જાસુસ શેઠાણી તો દીંગ થઇ ગયા. અત્યાર સુધી મનમાં જે મોટાઇનો બાહુ સંઘરેલો તે ઓગળવા માંડયો. ભલે આડંબર ભારી લેખાય, દોલત વધી ગણાય; ! છતાં એ શ્રદ્ધા, એ ઉદારતા, એ દિલાવરપણું કયાં ?

ધન મળવાથી કંઇ ગુણો આવી જતાં નથી. એ સારૂ તો અભ્યાસ ને જ્ઞાનપ્રાપ્તિની જરૂર રહે. એને આચરણમાં ઉતારવા પ્રયાસ સેવવા પડે છે. ડોશીમાના હાથમાં રૂપીઓ મૂકી, ડોળીમાં બેસી, જાસુસ શેઠાણી ડુંગર ઉતરવા લાગ્યા. સાસુ જેવા કેમ થવાય ? એ વિચાર મનમાં રમી રહ્યો.


ઠંઠા પાણી પીતા જાવ. પૈ પૈસો નાખતા જાવ. એક તરફ દરબારની ઘંટિકા સંભળાઇ. બીજી તરફ 'આદીશ્વર અલબેલો છે,' એ નાદ સંભળાયો અને દ્રશ્ય પૂરૂં થયું. સંતનો પ્રશ્ન એટલો જ હતો કે-

આદીશ્વર દાદાને સાચી રીતે કોણ ઓળખે છે ?

ચોકસી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir




## શ્રીમદ્ રાજચંદ્ર ભાગ ૨–
### ખંડ ૧ થી ખંડ ૭ સુધી.

પ્રકાશક મનસુખલાલ રવજીભાઇ મહેતા તરફથી અમોને ભેટ મળેલ છે. ખંડ ૧ થી ૭ સુધીમાં હિતવચનો ખંડ પહેલો, અને આધ્યાત્મિક તત્ત્વજ્ઞાન ખંડ બીજામાં આપવામાં આવેલ છે. આ બંને ભાગનું અવલોકન કરતાં શ્રી રાયચંદભાઇને બાળવયથી સંસાર પર ઉદાસીન ભાવ થયેલો હોઇ આત્માને પણ અમુક અંશે ઓળખ્યો હોય તેમ જણાય છે. ધાર્મિક જ્ઞાન મેળવેલા અને ધાર્મિક જ્ઞાન આપનારા ભણાવનારા ગૃહસ્થોને વર્તમાનમાં જ્યારે જોઇએ છીએ ત્યારે તેમના વ્યવહાર–વ્યાપારમાં પ્રમાણિકપણું, સત્યતા બરાબર જણાતાં નથી અને માત્ર વાણીવિલાસ અને આડંબર અને માત્ર કીર્તિની જ અભિલાષા પ્રસંગોપાત જોઇએ છીએ. ત્યારે શ્રી રાયચંદભાઇના પરિચયમાં આવેલા ગૃહસ્થો પ્રમાણિકપણે જણાવે છે કે તેઓનું જ્ઞાન પચન થયેલું અને વિચારો આધ્યાત્મિક અને વ્યવહાર–વ્યાપારમાં પણ પ્રશંસાપાત્ર પ્રમાણિકપણું, વગેરે હતા. આ બંને ગ્રંથો વાંચતા તેમ હોવા સંભવ છે. એકંદર આ ગ્રંથમાં તેમણે આપેલા હિતવચનો અને લેખોનો સંગ્રહ વાંચતા તેઓનામાં, આધ્યાત્મિક તત્ત્વજ્ઞાન હતું તેમ જણાય છે. તેઓશ્રી પ્રતિમાને પણ માનનારા અને જરૂરીયાત છે તેમ તેઓ ખંડ ૧ લાના પા. ૩૭૪ માં " **પ્રતિમાસિદ્ધિ** " નામના લેખમાં જણાવે છે અને પા. ૩૭૭ ના છેલ્લા પેરેગ્રાફમાં જિનપ્રતિમા અને તેના પૂજન શાસ્ત્રોક્ત, પ્રમાણોક્ત અને અનુભવોક્ત અનુભવમાં લેવા યોગ્ય છે, એમ ભાર દઇને જણાવે છે વગેરે કારણોથી આ બંને ગ્રંથોમાં આવેલ હિતવચનો અને લેખોનો સંગ્રહ, ગુણસ્થાનસ્વરૂપ, વર્તમાનકાળ જૈન દર્શનનું સ્વરૂપ વગેરે માટે બતાવેલા પોતાના વિચારો ખાસ જાણવા અને મનન કરવા જેવા છે. અમો બંને ભાગો વાંચવા સૂચવીએ છીએ. મળવાનું સ્થળ હેમચંદ ટોકરશી મહેતા. બંને ભાગની કિંમત અઢી રૂપીયા–ઝવેરી બજાર મુંબઇ ખારા કુવા સામેથી મળશે.

---

**દિગંબર જૈન વિવાહાંક**—ચિત્રો સહિત સંપાદક મૂલચંદ કિસનદાસ કાપડીયા સુરત ( વર્ષ ૩૦ અંક ૧–૨ ) દરવર્ષે જુદા જુદા વિષયોના ખાસ અંકો સંપાદક મહાશય તરફથી પ્રકટ કરવામાં આવે છે. આ અંકમાં જુદા જુદા લેખકો તરફથી વિવાહ ( લગ્ન ) સંબંધી અનેક હકીકતો અને વિદ્વાનોના વિચારોથી સંકલિત છે. કેટલાક લેખો સમયને અનુસરતા વાંચવા યોગ્ય છે. સંપાદકનો આ પ્રયત્ન આવકાર દાયક છે—

**શ્રી જૈન વિદ્યાર્થી મંદિર–અમદાવાદ—સં. ૧૯૮૯–૯૨ સને ૧૯૩૨ થી ૩૬** ચાર વર્ષનો હિસાબ અને કાર્યવાહીનો રિપોર્ટ મળ્યો છે. પંડિતજી ભગવાનદાસ હરખચંદ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# વર્તમાન સમાચાર

## શ્રી મોતીશાહ શેઠની ટુંકનો શતાબ્દિ મહોત્સવ.

સો વર્ષ ઉપર સં. ૧૮૯૩ ના માહ વદિ ૨ ના રોજ ઉપરોક્ત ટુંક શ્રી સિદ્ધાચળજી તીર્થ ઉપર ચણાતાં પ્રતિષ્ઠા મહોત્સવ અપૂર્વ રીતે થયો હતો. શેઠ શ્રી મોતીશાહે લાખો રૂપીયા ખર્ચી નિષ્ણાત શિલ્પીઓ પાસે ટુંક બંધાવી પ્રતિમાઓ તૈયાર કરાવી હતી, કે જે અત્યારે ઉક્ત તીર્થમાં સ્થાપત્ય કળાના નમૂનારૂપે આ ટુંક જણાય છે હાલ તેને સો વર્ષ પૂરા થતાં હોવાથી વર્તમાન ટ્રસ્ટીઓ શેઠ બાલુભાઇ, શેઠ ઝવેરચંદ કલ્યાણચંદ, ઝવેરી મોહનલાલ હેમચંદ, ઝવેરી નેમચંદ અભેચંદ તથા શેઠ માણેકચંદ પ્રેમચંદે તેનો શતાબ્દિ મહોત્સવ ઉજવ્યો છે. તે ટ્રસ્ટીમંડળના સેક્રેટરી શ્રીયુત્ ધનજીભાઇ જે. શાહને હાથ તેની વ્યવસ્થા હતી જેથી વ્યવસ્થિત રીતે તે મહોત્સવ સંપૂર્ણ થયો છે.

આઠ દિવસ સુધી ટુંકમાં અને પાંચ દિવસ સુધી નીચે ધર્મશાળામાં વિવિધ પૂજાઓ ભણાવવામાં આવી હતી. ટુંક ઉપર દરરોજ આંગી લાઇટ થતી હતી. માહ વદિ ૧ ના રોજ પાલીતાણાના નામદાર દિવાન સાહેબના પ્રમુખપણા નીચે મીટીંગ મળી હતી. અધિકારીઓ. શહેરની પ્રજા, યાત્રાળુઓ અને બહાર ગામના આમંત્રિત ગૃહસ્થોની હાજરી હતી. સેક્રેટરીએ આમંત્રણ પત્રિકા અને તારો વાંચી બતાવ્યા હતા પછી ટ્રસ્ટી શ્રી મોહનલાલભાઇ હેમચંદે કયા સંયોગમાં ટુંક બાંધવા વિચાર થયો તે અને સંક્ષિપ્ત મોતીશાહ શેઠનું છપાયેલ જીવન વૃતાંત વાંચી સંભળાવ્યું હતું. પછી શેઠ કુંવરજી આણંદજીએ મોતીશા શેઠના ગુણો અને કેવી ઉદારતાથી આ ટુંક થઇ હતી તે જણાવ્યું હતું. પછી ગાંધી વલ્લભદાસ ત્રિભુવનદાસે મોતીશાહ શેઠ પ્રાત સ્મરણીય પુરૂષ થઈ ગયા હતા, ઉદાર હતા અને સુકૃતની લક્ષ્મીના ફળરૂપે આવી સુંદર ટુંક અને પ્રતિષ્ઠા કરી તેનું વર્ણન કર્યું હતું. પછી જૈનોના સ્થાપત્યકલા, ઉચ્ચ શિલ્પકળાના દેવાલયોના નામો સાથે આ ટુંક પણ ઉચ્ચ સ્થાપત્યકળાનો નમુનો છે તે જણાવ્યું હતું. પછી નામદાર પ્રમુખસાહેબના વિવેચન પછી ઉપકાર માનવાપૂર્વક પુલહાર અપાતાં મેળાવડો વિસર્જન થયો હતો. માહ વદિ ૨ ના રોજ નવકારશીનું જમણ અને મહા વદિ ૩ ના રોજ ટુંકમાં શ્રી અષ્ટોત્તરી સ્નાત્ર ભક્તિ અને ભાવનાપૂર્વક ભણાતાં મહોત્સવ પૂર્ણ થયો હતો.

---

જેવા વિદ્વાન પુરૂષના હાથ નીચે અત્યારે ચાળીશ વિદ્યાર્થીઓ ઓછા લવાજમે શિક્ષણનો લાભ લે છે ધાર્મિક શિક્ષણ અને વ્યાયામ જેવા આવશ્યક શિક્ષણો પણ સાથે અપાય છે. પ્રતિષ્ઠિત જૈન બંધુઓની કમીટીદ્વારા અને આર્થિક સહાયવડે ચલાવવામાં આવે છે. આ સંસ્થા વાર્ષિક મદદથી પણ ચલાવવામાં આવે છે છતાં તેને સ્થાયી કરવા માટે દરેક જૈન બંધુઓએ વિશેષમાં અમદાવાદના શ્રીમંત જૈન બંધુઓ આર્થિક સહાય આપી ભવિષ્યની ચિંતામાંથી મુક્ત કરે તેમ ઇચ્છીએ છીએ.

વિસાગ યેગ્ય છે ભવિષ્યની ઉન્નતિ ઇચ્છીએ છીએ.

**શ્રીમાન સિંઘી જૈન ગ્રંથમાળાના--**

**૧ શ્રી પ્રબંધ ચિંતામણિ. ૨ લાઈફ ઓફ શ્રી હેમચંદ્રાચાર્ય પુરાતન પ્રબંધ સંગ્રહ ૪ વિવિધ તીર્થકલ્પ અને ૫ પ્રબંધકોશ પાંચ ગ્રંથો ભેટ મળ્યા છે** તેનો વિસ્તારથી સમાલોચના હવે પછી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

Reg. No. B 431.

## નવા પ્રકટ થયેલા ગુજરાતી ગ્રંથો.

| | |
|---|---|
| ૧ શ્રી સામાયિક સૂત્ર, મૂળ ભાવાર્થ વિશેષાર્થ સહિત. | રૂ. ૦-૨-૬ |
| ૨ શ્રી દેવસિરાઈ પ્રતિક્રમણ ,, ,, | રૂ. ૦-૧૦-૦ |
| ૩ શ્રી પંચપ્રતિક્રમણ સૂત્ર ,, ,, ગુજરાતી તથા શાસ્ત્રી બંને અક્ષરોવાળી બુક. ( શ્રી જૈન એજ્યુકેશનબોર્ડે જૈન પાઠશાળાઓ માટે મંજુર કરેલ ) રૂ. ૧-૪-૦ | રૂ. ૧-૧૨-૦. |
| ૪ શ્રી શત્રુંજય તીર્થનો પંદરમો ઉદ્ધાર અને સમરસિંહ. | રૂ. ૦-૨-૦ |
| ૫ શ્રી શત્રુંજય તીર્થ વર્તમાન ઉદ્ધાર અને કર્માશાહ. | રૂ ૦-૪-૦ |
| ૬ શ્રી તીર્થંકર ચરિત્ર. ( ભાષાંતર ) | રૂ. ૦-૧૦-૦ |
| ૭ શ્રી વીશ સ્થાનક પદ પૂજા ( અર્થ, વિધિ-વિધાન યંત્રો, મંડળ વગેરે સહિત ). | રૂ. ૦-૧૨-૦ |

## પ્રકાશન ખાતું.

### પ્રાચીન સાહિત્યના છપાયેલા ગ્રંથો. ( મૂળ. )

| | |
|---|---|
| ૧ શ્રી વસુદેવહિંડિ પ્રથમ ભાગ-પ્રથમ અંશ. | રૂ. ૩-૮-૦ |
| ૨ શ્રી વસુદેવહિંડિ પ્રથમ ભાગ-દ્વિતીય અંશ. | રૂ ૩-૮-૦ |
| ૩ શ્રી બૃહતકલ્પસૂત્ર પ્રથમ ભાગ. | રૂ. ૪-૦-૦ |
| ૪ શ્રી બૃહત્કલ્પસૂત્ર બીજો ભાગ. | રૂ. ૬-૦-૦ |
| ૫ શ્રી દેવેન્દ્રસૂરિરચિત ટીકા ચાર કર્મગ્રંથ ( શુદ્ધ ) | રૂ ૨-૦-૦ |
| ૬ શ્રી ગુરૂતત્ત્વ વિનિશ્ચય. | રૂ. ૩-૦-૦ |
| ૭ શ્રી જૈન મેઘદૂતમ્ | રૂ. ૨-૦-૦ |

## છપાતાં ગ્રંથો.

૧ શ્રી વસુદેવહિંડિ ત્રીજો ભાગ.

૨ શ્રી ગુણચંદ્રસૂરિકૃત શ્રી મહાવીર ચરિત્ર. ભાષાંતર

૩ પાંચમો છઠ્ઠો કર્મગ્રંથ.

૪ શ્રી બૃહતકલ્પ ત્રીજો ભાગ

## અર્ધી કિંમતે.

શ્રી આત્માનંદ જન્મ શતાબ્દિના શુભ પ્રસંગે સં. ૧૯૯૨ ના ચૈત્ર શુદી ૧ થી બાર માસ માટે શ્રી આત્મારામજી મહારાજકૃત નીચેના પુસ્તકો અર્ધી કિંમતે આપવામાં આવશે ( સીલીકમાં હશે ત્યાં સુધી ).

| | મૂળ કિંમત. | અર્ધી કિંમત. |
|---|---|---|
| તત્ત્વનિર્ણયપ્રાસાદ. | ૧૦-૦-૦ | ૫-૦-૦ |
| જૈનધર્મવિષયક પ્રશ્નોત્તર. | ૦-૮-૦ | ૦-૪-૦ |
| આત્મવલ્લભ સ્તવનાવળી. | ૦-૬-૦ | ૦-૩-૦ |

**શ્રી જૈન આત્માનંદ સભા—ભાવનગર.**

આનંદ પ્રિન્ટિંગ પ્રેસમાં શેઠ દેવચંદ દામજીએ છાપ્યું.—ભાવનગર.

For Private And Personal Use Only